| -: વિષય :- ગુજરાતી 01(G) ANSWER KEY | S.S.C. બોર્ડ-પરીક્ષાની પૂર્વતૈયારી માટે | સમય : 3 કલાક કુલ ગુણ : 80 |
|---|---|---|

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સના માર્ગદર્શન માટે છે. જે તે વિષયના પ્રશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

| ક્રમાંક | પ્રશ્નોનો પ્રકાર | પ્રશ્નોનીસંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો | 24 | 24 | 24 |
| 2. | અતિ ટૂંક જવાબી પ્રશ્નો | 16 | 16 | 16 |
| 3. | ટૂંક જવાબી પ્રશ્નો | 04 | 06 | 08 |
| 4. | લાંબા પ્રશ્નો | 07 | 09 | 24 |
| ૫. | નિબંધ પ્રકારના પ્રશ્નો | 01 | 01 | 08 |
| | કુલ | **52** | **56** | **80** |

## ગુણપ્રદાન યોજના

### વિભાગ A (ગદ્ય) - 20 ગુણ

(અ) **નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો.** **(04)**

(કૃતિ-કર્તા/ કૃતિ-સાહિત્યપ્રકાર/ પાત્ર-કૃતિ/ પાત્ર-ઉક્તિ) આ ચાર પૈકી ગમે-તે એકના કુલ ચાર જોડકાં (દરેનો 1 ગુણ)

(બ) **આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **(04)**

(ચાર ખાલી જગ્યા પૂછવી (કૌસમાં વિકલ્પ આપવા) દરેકનો 1 ગુણ)

(ક) **આપેલા પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર લખો.** **(02)**

બે પ્રશ્ન પૂછવા (દરેકનો 1 ગુણ)

(ડ) **આપેલા પશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈપણ બેના ઉત્તર) દરેકના 2 ગુણ)

(ઈ) **આપેલા પ્રશ્નોનાં આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો.** **(06)**

(ત્રણ પ્રશ્ન પૂછવા અને કોઈ બેના ઉત્તર) (દરેકના 2 ગુણ)

### વિભાગ B (પદ્ય) 20 ગુણ

(અ) **નીચેના જોડકાં યોગ્ય રીતે જોડી ફરીથી લખો.** **(04)**

(કૃતિ-કર્તા/ કૃતિ-સાહિત્ય પ્રકાર આ બે પૈકી ગમે-તે એકના કુલ ચાર જોડકાં) (દરેકનો 1 ગુણ)

(બ) **આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(કૌંસમાં વિકલ્પો આપવા) (દરેકનો 1 ગુણ) **(04)**

(ક) **આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.**

(બે પ્રશ્નો પૂછવા) (દરેકનો 1 ગુણ) **(02)**

(ડ) **આપેલા પ્રશ્નોનાં ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.** **(04)**

(ત્રણ પ્રશ્નો પૂછવા અને કોઈપણ બેના ઉત્તર) (દરેકનાં 2 ગુણ)

(ઈ) **આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો.** **(06)**

(ત્રણ પ્રશ્નો પૂછવા અને કોઈપણ બેના ઉત્તર) (દરેકનાં 3 ગુણ)

### વિભાગ - C (વ્યાકરણ) 20 ગુણ

**માગ્યા પ્રમાણે વ્યાકરણના પ્રશ્નોનાં ઉત્તર લખો. (પ્રત્યેક પ્રશ્નનો 1 ગુણ)**

(નોંધ : વ્યાકરણ વિભાગના પ્રશ્નો પૈકી કુલ 8 ગુણના પ્રશ્નો વિકલ્પો સાથે હેતુલક્ષી પ્રકારના પૂછવાના રહેશે.)

1. જોડણી 2. સંધિ 3. સમાસ 4. કર્તરિ અને કર્મણિ (વાક્ય રચના જોડકાં સ્વરૂપે) 5. અલંકાર 6. પૂર્વપ્રત્યય અને પરપ્રત્યય 7. સમાનાર્થી 8. સંજ્ઞા 9. રૂઢિપ્રયોગ 10. કહેવત 11. શબ્દસમૂહ માટે એક શબ્દ 12. વિરુદ્ધાર્થી શબ્દ 13. અર્થભેદ 14. તળપદા શબ્દો 15. વિશેષણ 16. ક્રિયાવિશેષણ 17. ધ્વનિશ્રેણી 18. પ્રેરક/ ભાવે રચના 19. છંદ ઓળખાવો 20. છંદનું ઉદાહરણ/ બંધારણ

### વિભાગ D (અર્થગ્રહણ/ લેખન સજ્જતા) 20 ગુણ

(અ) **આપેલ પંક્તિઓનો અર્થવિસ્તાર (બેમાંથી કોઈપણ એક) પંદર વાક્યમાં લખો.** **(04)**

(બ) **આપેલા વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો.** **(04)**

(ક) **આપેલા ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો.** **(04)**

(ડ) **આપેલા મુદ્દાના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

(ત્રણમાંથી કોઈપણ એક નિબંધ)

01012024/7030

Very unique to learn.....
Alankar® Publication
H/75-A, Akshardeep Complex, Shastrinagar, Bhavnagar 364002
9726437575, 9624829482 alankarpublication@yahoo.com www.alankarpublication.com

No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]**

| (અ) કૃતિ | (બ) સાહિત્ય પ્રકાર |
|---|---|
| (1) વાઈરલ ઈન્ફેક્શન | (અ) નવલકથા ખંડ |
| (2) ઘોડીની સ્વામીભક્તિ | (બ) નવલિકા |
| (3) ચોપડાની ઈન્દ્રજાળ | (ક) નિબંધ |
| (4) ભૂખથીયે ભૂંડી ભીખ | (ડ) લોકકથા |
| | (ઈ) આત્મકથા ખંડ |

જવાબ :

| | |
|---|---|
| (1) વાઈરલ ઈન્ફકશન | (ક) નિબંધ |
| (2) ઘોડીની સ્વામી ભક્તિ | (ડ) લોકકથા |
| (3) ચોપડાની ઈન્દ્રજાળ | (ઈ) આત્મકથા ખંડ |
| (4) ભૂખથીયે ભૂંડી ભીખ | (અ) નવલકથા ખંડ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં રામાયણ અને મહાભારત **<u>અંકિત</u>** ને ભેટ મળ્યા હતાં.

**(સૌરભ, અંકિત, સંજય)**

(2) દેવજી અને કાનજી નવજાત બાળકને <u>વેલજી</u> પાસે લઈ ગયાં.

**(વેલજી, માણેક, મુખિયાજી)**

(3) ગંદકીથી ખલેલ પામનાર સંત **<u>સ્વામી વિવેકાનંદ</u>** હતા.

**(રવિશંકર મહારાજ, સ્વામી વિવેકાનંદ, વિનોબા ભાવે)**

(4) ડુંગર અને તેની પત્ની **<u>રાજપુર</u>** સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં.

**(મુજપુર, રાજપુર, આનંદપુર)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) 'છત્રી' પાઠના લેખકને કયો ઉપાય કારગત નીવડ્યો ?**

જવાબ : (1) 'છત્રી' પાઠના લેખક શ્રી રતિલાલ બોરીસાગરને છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો.

**(2) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ કેવો હતો ?**

જવાબ : (2) ગરીબોનું શોષણ કરનાર ચોપડાનો રંગ રાતો હતો.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [04]**

**(1) લેખકને ઉઘરાણીએ શા માટે જવું ગમતું હતું ?**

જવાબ : દિવાળી પછી તો લગભગ દર રવિવારે લેખકનો ઉઘરાણીએ જવાનો કાર્યક્રમ નક્કી જ હોય. લેખકના બા ભાતામાં કોઈવાર સુખડી તો કોઈવાર શક્કરપારા બનાવી આપે. રસ્તામાં નદીમાં નહાવાનું મળે, ઋતુ-ઋતુનાં ફળો ખાવા મળે. ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી વગેરે જે મળે તે પેટ ભરીને ખાવા મળે. સાથે મિત્રો પણ હોય. આમ લેખકને ઉઘરાણીએ જવાનું ગમતું હતું.

**(2) કાળુ અનાજ માટેની મદદ લેવા શા માટે તૈયાર થયો ?**

જવાબ : કાળુ અનાજ લેતાં અચકાતો હતો. સુંદરજી શેઠે આ જોયું. તેને બોલાવીને કહ્યું કે કુદરત આગળ આપણે સૌ લાચાર છીએ. તને એમ લાગતું હોય કે આ ધર્માદાનું છે, તને હાથ લાંબો કરતા સંકોચ થતો હોય તો કાલથી તું

આ ઓટલા પર આવીને ઝાડુ મારી જજે અને મુખિયાજી પાસેથી ગાદી-તકિયા માગીને અહીં પાથરી દેજે. પછી તને એમ નહીં થાય કે તું ધર્માદાનું ખાય છે. કાળુને સુંદરજી શેઠની મોટાઈ સ્પર્શી ગઈ. આથી અંતે કાળુ અનાજ માટેની મદદ લેવા તૈયાર થાય છે.

**(3) રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક શા માટે મક્કમ રહ્યા ?**

જવાબ : છેક રાજકોટ છત્રી લેવા જવામાં ખાસ્સો ખર્ચ થાય તેમ હતો. સૌના મતે આટલા પૈસા ખર્ચીને ત્યાં જવું વ્યવહારુ નહીં, પરંતુ મૂર્ખામી ભર્યું હતું. તેમ છતાં રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક મક્કમ રહ્યા, કારણ કે તેમના મતે એ પૈસાનો પ્રશ્ન નહોતો. બીજાની છત્રી પરત કરવાની એ સજ્જનતાની ભાવના અને પ્રામાણિકતાની કદર કરવી જોઈએ. એવો લેખકનો દૃઢ મત હતો. આથી રાજકોટ છત્રી લેવા જવાની વાતમાં લેખક મક્કમ રહ્યા.

**(ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(1) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વર્ણવો.**

જવાબ : **કૃતિ :** ઘોડીની સ્વામીભક્તિ

**કર્તા :** જોરાવરસિંહ જાદવ

**સાહિત્યપ્રકાર :** લોકકથા

**સંદર્ભ :** 'લોકસાહિત્યની અશ્વકથાઓ'

આ લોકકથામાં આંબા પટેલનો અશ્વશોખ અને અશ્વ પ્રત્યે સંતાન જેવા વાત્સલ્યનું વર્ણન થયું છે.

આંબા પટેલ ઢેલ ઘોડી પર સવાર થઈને મામાને ત્યાંથી પોતાના ઘેર જવા ઉપડ્યા. ચોમાસાના દિવસો હતા. વરસાદને કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આંબા પટેલ શેત્રુંજી નદી ઓળંગીને સામે પાર કેમ જવું એની વિમાસણમાં હતાં. મામાને ત્યાં પાછા જવાય તેમ નહોતું અને ઘરે પહોંચ્યા વિના છૂટકો નહોતો, એમ વિચારીને આંબા પટેલે કેડ્ય બાંધીને ઘોડીને એડી મારી. ઘોડી છલાંગ મારી શેત્રુંજી નદીમાં ખાબકી; પરંતુ નદીમાં પાણીનું વહેણ પુષ્કળ હતું. ઢેલ ઘોડી તો જેમ તેમ કરીને કાંઠા સુધી પહોંચી ગઈ, પણ ઘોડીને જાણ થઈ કે તેનો માલિક પાણીમાં રહી ગયો છે. એટલે ઘોડી નસકોરાં ફૂલાવતી સહેજ પણ રોકાયા વિના પાણીમાં ખાબકીને ધણીને શોધવા નીકળી. તે વખતે આંબા પટેલ પાણીમાં તણાતા હતા. તરવામાં તેમની એક પણ કારી ફાવતી નહોતી. તેમનામાં હિંમત રહી નહોતી. ત્યાં તો સડસડાટ કરતી ઘોડી આંબા પટેલની નજીક પહોંચી. ઘોડીને જોતાં જ આંબા પટેલમાં હિંમત આવી અને સઘળી તાકાત એકઠી કરીને ઘોડીને વળગી પડ્યા. ચતુર ઘોડીએ પાણીમાં પંથ કાપવા માંડ્યો. પાણીમાં ફંગોળાતી-ફંગોળાતી ઘોડી મહામુસીબતે નદીના કાંઠે આવી. આમ, જાતવાન ઘોડીએ સંકટ સમયે પોતાના ધણીને બચાવીને તેના પ્રત્યેની વફાદારી અને ખાનદાની દર્શાવી.

**(2) 'ગતિભંગ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.**

જવાબ : **કૃતિ :** ગતિભંગ

**કર્તા :** મોહનલાલ પટેલ

**સાહિત્ય સ્વરૂપ :** લઘુકથા

**સંદર્ભ :** 'વિકલ્પ'માંથી

'ગતિભંગ' શીર્ષક સર્વથા ઉચિત છે, કારણ કે અહીં માત્ર ચાલવાની ગતિનો જ ભંગ નથી, પરંતુ પાત્રોના વિચારોની ગતિનો પણ ભંગ છે.

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને તેની પત્ની ઊભા માર્ગે જઈ રહ્યા હતા. ત્યાં અચાનક એ માર્ગે ડુંગરની પત્નીની ચાલવાની ગતિ થંભી ગઈ. તેનાંમાં આગળ ચાલવાની શક્તિ નહોતી, એ માર્ગે તે તેની મૃત બબલીની પગલીની છાપને વારંવાર શોધતી રહી. અંતે માતાને આંગળીની બોર જેવી પોતાની બાળકીની પગલીની છાપ દેખાઈ; તેને મૃત બબલીની યાદ આવી ગઈ. ખેતરે જતાં - આવતાં આગળને આગળ દોડી જતી બબલીની પગલીઓ તેના હૈયામાં વસી ગઈ હતી. ડુંગરને પત્નીની ગતિ ધીમી પડે તો ગાડી ચૂકી જવાની ચિંતા હતી. પતિ-પત્ની બન્ને ત્યાં સ્થિર થઈ ગયાં. છેવટે પતિને જોઈને સાવધ બનેલી પત્નીએ 'લ્યો હેંડો. હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.' કહ્યું. પત્નીના આ શબ્દોમાં લેખકે વેગથી ચાલ્યાં જતાં પાત્રોની મનોવેદનાને વાચા આપી છે. આમ, સમગ્ર લઘુકથા જાણે જીવનની ગતિનો ભંગ સૂચવે છે. વેદનાને વિસરી આગળ ગતિ કરવાનું સૂચવે છે.

**(3) 'આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે' - વિધાન સમજાવો.**

**જવાબ : કૃતિ :** રેસનો ઘોડો

**કર્તા :** વર્ષા અડાલજા

**સાહિત્ય પ્રકાર :** નવલિકા

**સંદર્ભ :** 'કોઈ વાર થાય કે'માંથી

શિક્ષણનો પાયાનો સિદ્ધાંત આનંદ આપવાનો છે. બાળકને સારો માણસ બનાવવાનો છે. વાલીઓની અપેક્ષાઓને કારણે આજનું શિક્ષણ વધુ સ્પર્ધાત્મક બન્યું છે, પરિણામે નાનપણથી જ વધુ ગુણ પ્રાપ્ત કરવાના ભારણને કારણે તેનું બાળપણ છિનવાઈ જાય છે. એ બાબતે લાલબત્તી ધરતી આ વાર્તા છે.

"આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા બને તે છે." આ વિધાન અંકિતની 'મા' નીનાબહેન કહે છે. નીનાબહેન પોતાનાં બાળક અંકિત પર ભણતરનો વધુ પડતો ભાર મૂકવામાં માનતાં નથી. બાળક માંદું પડે તોપણ દવા ખાઈને પણ કમ્પ્યૂટર ક્લાસ ભરવા જાય તે એમને પસંદ નથી. તેઓ માને છે કે બાળકનું બાળપણ છિનવી લેવું ન જોઈએ. તેને ભણતરની સાથે મુક્તપણે હરવા ફરવાની, બગીચામાં જઈ હીંચકા ખાવા જેવી અનેક બાળસહજ રમતો રમવાની છૂટ આપવી જોઈએ. બાળકને રામાયણ મહાભારતની બાળકથાઓ તેમજ અન્ય બાળકથાઓ વાંચવા આપવી જોઈએ. આવાં વાંચનથી એમનામાં કૌટુંબિક ભાવના, દેશપ્રેમ જેવાં અનેક સંસ્કારોનું સિંચન થાય છે. નીનાબહેન માને છે કે ભણતર જરૂરી છે, પણ તેને માટે બાળકને સતત ટોકતા રહેવું, તેને ઊતારી પાડવો તે યોગ્ય નથી. ભવિષ્યમાં તેને કયા વિષયમાં આગળ વધવુ છે તે એને પસંદ કરવા દેવું જોઈએ. શિક્ષણ કારકિર્દી માટે જરૂરી છે, પણ એથીયે વિશેષ શિક્ષણનું ધ્યેય બાળક સંસ્કારી બને અને એક ઉમદા માણસ બને એ હોવું જોઈએ. નીનાબહેનનું પણ આ જ સપનું હતું અને તેના દીકરા અંકિતે એ પુરવાર કર્યું.

## વિભાગ - B (પદ્ય)(કુલ ગુણ 20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]**

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) જયંત પાઠક |
| (2) શિકારીને | (બ) હરીન્દ્ર દવે |
| (3) એક બપોરે | (ક) નરસિંહ મહેતા |
| (4) વતનથી વિદાય થતાં | (ડ) કલાપી |
| | (ઈ) રાવજી પટેલ |

જવાબ :

| | |
|---|---|
| (1) વૈષ્ણવજન | (ક) નરસિંહ મહેતા |
| (2) શિકારીને | (ડ) કલાપી |
| (3) એક બપોરે | (ઈ) રાવજી પટેલ |
| (4) વતનથી વિદાય થતાં | (અ) જયંત પાઠક |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) અશોક ચાવડાનું ઉપનામ **બેદિલ** છે.
**(વાસુકિ, આદિલ, બેદિલ)**

(2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને **પ્રભાતિયા** માટે યાદ કરે છે.
**(આખ્યાન, પ્રભાતિયા, છપ્પાં)**

(3) **નણદોઈ** મારો વાડીમાંનો મોરલો
**(જેઠ, દિયર, નણદોઈ)**

(4) 'એક બપોરે' કૃતિમાં **મહુડા** ના વૃક્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. **(આંબા, મહુડા, લીમડા)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) મારગની ધૂળને સૂર શું પૂછે છે ?**

જવાબ : મારગની ધૂળને સૂર પૂછે છે કે તમે મારા માધવને ક્યાંય દીઠો છે ?

**(2) 'ભારવાળો મુગટ' એટલે શું ?**

જવાબ : 'ભારવાળો મુગટ' એટલે જવાબદારી કે સત્તા.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [04]**

**(1) સત્યના આયુધની વિશેષતા જણાવો.**

જવાબ : કૃતિ : હું એવો ગુજરાતી
કર્તા : ડૉ. વિનોદ જોશી
સાહિત્ય પ્રકાર : ગીત
સંદર્ભ :

ગુજરાતના મહિમાનું વર્ણન કરતા કાવ્યોમાં આ એક વિશિષ્ટ કાવ્ય છે. ગુજરાત એની સમગ્ર વિશેષતાઓ સાથે આ ગીતમાં નિરૂપાયું છે.

અહીં કવિ વિનોદ જોશીએ ગાંધીજીના સત્યને શસ્ત્ર (આયુધ) કહ્યું છે. સમગ્ર વિશ્વમાં અનેક યુદ્ધો જાતજાતનાં આયુધોથી લડાયાં છે અને ભવિષ્યમાં પણ લડાતા રહેશે; પરંતુ આ સત્યરૂપી આયુધની વિશેષતા એ છે કે ગાંધીજીએ એનાથી અંગ્રેજોને ધ્રુજાવ્યા હતા. આપણાં દેશને આ આયુધથી જ આઝાદી મળી હતી. વિશ્વની યુદ્ધકથાઓમાં આ એક અનોખી ઘટના છે.

**(2) કવિ વૈષ્ણવજનને સકળ તીર્થ સ્વરૂપ શા માટે કહે છે ?**

જવાબ : **કૃતિ :** વૈષ્ણવજન
**કર્તા :** નરસિંહ મહેતા
**સાહિત્ય પ્રકાર :** પદ્ય
**સંદર્ભ :** 'નરસિંહ મહેતાના શ્રેષ્ઠ પદ'માંથી

કવિ વૈષ્ણવજનને સકળ તીર્થ સ્વરૂપ કહે છે, કારણ કે આ વૈષ્ણવજન નિર્મોહી, સહૃદયી વૈરાગી તેમજ લોભ કે છળકપટ વિનાનો હોય છે. તેણે કામક્રોધ પર વિજય પ્રાપ્ત કર્યો હોય છે. તેનું ચિત્ત હંમેશા રામના નામની ધૂનમાં જ લીન હોય છે.

**(3) પક્ષીને પામવા કવિ શું કરવાનું કહે છે ?**

જવાબ: **કૃતિ :** શિકારીને

**કર્તા :** સુરસિંહ ગોહિલ 'કલાપી'

**સાહિત્ય પ્રકાર :** ઊર્મિગીત

**સંદર્ભ : 'કલાપીનો કેકારવ'**માંથી

કવિ કલાપી પક્ષીને પામવા માટે શિકારીને કહે છે કે તેના પર તીર ચલાવવાનું નથી, પરંતુ ક્યાંક છુપાઈને તેના મધુર ગીત સાંભળવાના છે. તેનાથી પક્ષીના મધુર કલરવનું સૌંદર્ય માણવા મળશે અને પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાસ કરશે.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(1) 'માધવને દીઠો છે ક્યાંય ?' કાવ્યના આધારે માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા વર્ણવો.**

જવાબ : **કૃતિ :** માધવને દીઠો છે ક્યાંય ?

**કર્તા :** હરીન્દ્ર દવે

**સાહિત્ય પ્રકાર :** ઊર્મિગીત

**સંદર્ભ :** 'વરસાદની મોસમ છે.' માંથી

કૃષ્ણ વિરહનાં કાવ્યોમાં અનોખી ભાત પાડતા આ કાવ્યમાં વાંસળી પોતે જ કૃષ્ણથી વિખૂટી પડી ગઈ છે અને વાંસળીનો સૂર શ્રીકૃષ્ણને શોધે છે.

ગીતના પ્રારંભનો પ્રશ્ન જ માધવને મેળવવા માટેની વાંસળીના સૂરની તીવ્ર ઉત્કંઠા સૂચવે છે. સૂર માધવ સાથે જોડાયેલાં તમામ સજીવ-નિર્જીવ તત્ત્વો પાસે જઈ 'મારા માધવને દીઠો છે ક્યાંય ?' એવો પ્રશ્ન કરે છે. એને ખાતરી છે કે કૃષ્ણ એને ક્યાંકથી તો મળશે જ. સૌપ્રથમ કૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલી મારગની ધૂળને પૂછે છે. ત્યાંથી પ્રત્યુત્તર ન મળતા એ યમુનાના વહેણ પાસે જાય છે. યમુનાના વહેણને મૌન જોઈ, રાધાની આંખને ઉદાસ જોઈ સૂર નિરાશ થાય છે. પવનની લહેરખી એને વ્યાકુળ કરે છે. બહાવરી રાત્રિનાં પગલાંના સ્પર્શથી રાતરાણીને ઝાકળમાં નહાતી જુએ છે; પણ સૂરની ઉત્કંઠા સંતોષાતી નથી. મોરપિચ્છ ઊડતું આવે તો એના સુંવાળા રંગને સાચવવાની એને ઇચ્છા થાય છે. અંતે તેનામાં આશાનું એક કિરણ જાગે છે. સૂરને વાંસળીમાં કૃષ્ણ નામનો ચંદ્ર ઊગતો દેખાય છે. એ ચંદ્રના કિરણોનું તેજ યમુનાના જળમાં રેલાય છે. હવે એને પાતાળમાં કૃષ્ણ દેખાય છે. અહીં સૂરની શોધ સમાપ્ત થાય છે અને માધવનું દર્શન પામે છે.

આમ, કદંબની છાયાથી શરૂ થયેલી સૂરની આ શોધયાત્રાનું પાતાળમાં પરિણામ પ્રાપ્ત કરે છે.

**(2) 'ચાંદલિયો' લોકગીતમાં નાયિકાના મનોભાવો તમારા શબ્દોમાં લખો.**

જવાબ : **કૃતિ :** ચાંદલિયો

**સાહિત્ય પ્રકાર :** લોકગીત

**સંદર્ભ :** રઢિયાળી રાત

મધુર કંઠે શરદ પૂનમની રાતે 'ચાંદલિયો' લોકગીત ગાતી નાયિકાએ પ્રત્યેક શબ્દમાં સ્વજનો પ્રત્યેની લાગણીને વ્યક્ત કરી છે. સાસુ-સસરા પોતાના પૂર્વજન્મના માતા-પિતા છે. જેઠ અષાઢના વરસાદ જેવા તો જેઠાણી અષાઢની ઝબૂકતી વીજળી જેવાં છે. નણંદ વાડીની વેલ તો નણદોયા એની વાડીમાંનો મોર છે. કાવ્યનાયિકાએ એક-એક સ્વજનની ખૂબ સુંદર તુલના કરી છે. અંતમાં 'પોતાનો પતિ' એમ કહેવાને બદલે 'પરણ્યો મારો સગી નણંદનો

વીર' જેવાં શબ્દો પ્રયોજ્યાં છે. મારો પતિ તો ખરો, પણ એના પહેલાં એ પોતાની બહેનનો વીર છે. આમ કહીને કાવ્યનાયિકાએ ભાઈ-બહેનના મધુર સંબંધની મીઠાશને વાચા આપી છે. અંતમાં, તેના હૈયામાં તાણીને બાંધેલી નવરંગી પાઘડીમાં શોભતા રૂપાળા પતિને પામ્યાનો આનંદ છે. આમ, શરદપૂનમની રાતે ચોકમાં ચાંદલિયો ઊગ્યો અને સુખદ વાતાવરણ સર્જાયું તેનું મધુર વર્ણન કાવ્યનાયિકાએ તેની સખી પાસે કર્યું છે. આ લોકગીતમાં કાવ્યનાયિકા પોતાના સાસરિયામાં સુખી છે તેનો અણસાર પણ આપે છે. કૌટુંબિક જીવનના મધુર સંબંધોનું આ ભાવચિત્ર અત્યંત સુંદર છે.

**(3) 'દીકરી' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.**

જવાબ : **કૃતિ :** દીકરી

**કર્તા :** અશોક ચાવડા 'બેદિલ'

**સાહિત્ય પ્રકાર :** ગઝલ

**સંદર્ભ :** 'પગરવ તળાવમાં'

'દીકરી' ગઝલના પ્રત્યેક શેર દ્વારા કવિ અશોક ચાવડા 'બેદિલ' દીકરીના વ્યક્તિત્વના પ્રત્યેક પાસાને સુંદર રીતે રજૂ કરે છે. દીકરીમાં કવિને સ્વર્ગની પ્રત્યેક દેવીની ઝલક મળે છે. ખડકમાંથી વર્ષોથી કોઈ શિલ્પ કોતરતું હોય એવું કવિને લાગે છે. જીવનમાં દીકરીના માન-પાન અને સ્થાનની વાત કવિએ આ ગઝલ દ્વારા કરી છે. જેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા હતાં એ દીકરી પિતાને હાથ (સહારો) આપે છે. શરણાઈનાં સૂર સાંભળી કવિની આંખ ભીની થઈ જાય છે. પિતા પ્રત્યે નિર્મળ સ્નેહનું ઝરણું વહાવતી, શરમાળ, સુશીલ, સુખડ-ચંદનની સુગંધ તેમજ શીતળતા વરસાવતી દીકરીનું મધુર અને વાત્સલ્યપૂર્ણ વ્યક્તિત્વ કવિએ પ્રગટ કર્યું છે.

## વિભાગ - C (વ્યાકરણ)(કુલ ગુણ 20)

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
**આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :**

(1) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો :

● **સહાનુભુતી** **[01]**
**(સહાનુભૂતી, સહાનૂભુતિ, સહાનુભૂતિ)**

**જવાબ:** સહાનુભૂતિ

● **વિજળી (વીજળી, વિજળી, વીજળિ)**

**જવાબ:** વીજળી

(2) **'સૂર્ય + અસ્ત'** શબ્દની સાચી સંધિ જોડો : **[01]**
**(સૂર્યસ્ત, સૂર્યાસ્ત, સુર્યાસ્ત)**

**જવાબ:** સૂર્યાસ્ત

(3) **'રાવણવધ'** શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**
**(દ્વન્દ્વ સમાસ, તત્પુરુષ સમાસ, ઉપપદ સમાસ)**

**જવાબ:** તત્પુરુષ સમાસ

(4) **યોગ્ય જોડકા જોડો :** **[01]**

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાક્ય રચના | (અ) છત્રીના સ્ટોરમાં જઈ મારાથી છત્રી મંગાઈ. |
| (2) કર્મણિ વાક્ય રચના | (બ) ફોગટ થોડું અપાય છે ? |
| | (ક) ડુંગર એકવાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. |

**જવાબ :(1) કર્તરિ વાક્ય રચના** - ડુંગર એકવાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો.

**જવાબ :(2) કર્મણિ વાક્ય રચના** - છત્રીના સ્ટોરમાં જઈ મારાથી છત્રી મંગાઈ.

(5) **'મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો છે !'** **[01]**
વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો.
**(ઉપમા અલંકાર, અનન્વય અલંકાર, વ્યતિરેક અલંકાર)**

જવાબ : **અનન્વય અલંકાર**

(6) **'શારીરિક'** શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**
**(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહીં)**

જવાબ : **પર પ્રત્યય**

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો : **[01]**

- મયંક **(હરણ, ચંદ્ર, રાત્રિ)**

જવાબ : **ચંદ્ર**

- તરુ **(વૃક્ષ, તરવું, ભયંકર)**

જવાબ : **વૃક્ષ**

(8) **'લાકડું'** સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો : **[01]**
**(ભાવવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, જાતિવાચક સંજ્ઞા)**

જવાબ : **દ્રવ્યવાચક સંજ્ઞા**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
**દાઝ કાઢવી**

જવાબ : **ગુસ્સો કાઢવો**

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો : **[01]**
**નહીં ઘરના કે નહીં ઘાટના**

જવાબ : ન આ બાજુના કે ન તે બાજુના.

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવું -

જવાબ : **દુર્લભ**

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
**સુધા x**

જવાબ : **ઝેર**

(13) નીચેના શબ્દોના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

- **પુર**

જવાબ : નગર

- **પૂર**

જવાબ : **પાણીનું પૂર**

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**
**લગણ**

જવાબ : સુધી

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**જીવલો દાનતનો શુદ્ધ !**

જવાબ : **શુદ્ધ ગુણવાચક વિશેષણ**

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો.**

જવાબ : **એકાએક - રીતિવાચક ક્રિયાવિશેષણ**

(17) **'કોઢાર'** શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો : **[01]**

જવાબ : **ક્ + ઓ + ઢ્ + આ + ર્**

(18) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો : **[01]**
**માણેક કણસે છે.**

જવાબ : **માણેકથી કણસાય છે.**

(19) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો : **[01]**
**અમારા એ દાદા વિપુલ વડના ઝૂંડ સરખા.**

જવાબ : **શિખરિણી**

(20) 'મ ભ ન ત ત ગા ગા ' કયા છંદનું બંધારણ છે ? **[01]**

જવાબ : **મંદાક્રાન્તા**

## વિભાગ - D (લેખન) (કુલ ગુણ 20)

**(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]**

**સૌંદર્યો વેડફી દેતા ના ના સુંદરતા મળે;**
**સૌંદર્યો પામતા પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.**

**જવાબ :** પ્રસ્તુત કાવ્યપંક્તિઓ દ્વારા કવિ કલાપી સુંદરતાની સુંદર વ્યાખ્યા આપતા જણાવે છે કે સુંદરતાને પામવા માટે આપણે ભીતરથી સુંદર બનવું પડે.

ફૂલની સુંદરતા છોડ પર લાંબા સમય સુધી જળવાઈ રહે છે. છોડ પર રહેલું ફૂલ પ્રફુલ્લિત રહે છે. છોડ પરથી ફૂલને ચૂંટી લેવાથી ફૂલની મુસ્કાન ધીમે-ધીમે ઓછી થતી જાય છે. સુગંધ પણ ધીમે-ધીમે ગાયબ થઈ જાય છે અને અંતે ફૂલ કરમાઈ જાય છે.

મનુષ્યમાત્ર પ્રકૃતિનો ભક્ષક રહ્યો છે. ફૂલની સુંગંધ પ્રાપ્ત કરવા ફૂલના સૌંદર્યનું ખૂન કરવામાં આવે છે. સૌંદર્ય વસ્તુમાં નહીં માણસની દૃષ્ટિમાં હોવું જોઈએ. કુદરતે બનાવેલી સૌંદર્યથી ભરપૂર આ સૃષ્ટિમાં પશુ-પંખી-વનસ્પતિ, નદી-ઝરણા, સમુદ્રો, પહાડો, વનરાજી વગેરે ઘણુંબધું છે. સુંદરતા પામતા પહેલાં માણસે ખુદ સુંદર બનવું પડે. અહીં સુંદરતાનો અર્થ મનની સુંદરતા છે. સુંદરતા શબ્દ જ ભાવવાચક સંજ્ઞા છે. સુંદરતાની અનુભૂતિ મનને થાય છે. ઉપભોગવાદના આ યુગમાં ઉપયોગ કરી લેવાની વૃત્તિ, સૌંદર્યદૃષ્ટિની બાધક છે. કોઈએ ખરું જ કહ્યું છે કે

**"સૌંદર્ય શબ્દનો અર્થ જ હવે વ્યર્થ છે,**
**કારણ કે ફૂલોએ પણ બ્યૂટીપાર્લરમાં જવાનું શરૂ કર્યું છે."**

**અથવા**

**(અ) આવ નહીં આદર નહીં, નહીં નયનમાં નેહ,**
**તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.**

**જવાબ :** પ્રસ્તુત પંક્તિમાં કવિ કહે છે કે જે આંગણું આપણને આવકાર આપે નહીં, આદર આપે નહીં અને જેમની આંખોમાં આપણા માટે પ્રેમ ન હોય તે આંગણામાં સોનાનો વરસાદ વરસતો હોય તોપણ આપણે ન જવું જોઈએ.

દરેકને પોતાનું સ્વમાન વહાલું હોય છે. એવા ધનવાનના ઘેર ન જવું જોઈએ, જ્યાં આપણું સન્માન ન જળવાતું હોય. પ્રેમ વગરના પકવાન કરતાં સ્નેહના સૂકા રોટલામાં વધારે મીઠાશ રહેલી છે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ દુર્યોધનના મહેલના મેવા-મીઠાઈના બદલે વિદુરના ઘેર જઈ ત્યાં ભાજી આરોગવાનું પસંદ કર્યું હતું.

આત્મસન્માન જાળવવા માટે આત્મપીડન કરવું પડે તોપણ કરવું જોઈએ પરંતુ આત્મસન્માનના ભોગે મહારાજાના આતિથ્યને પણ સ્વીકારવું જોઈએ નહીં. આત્મસન્માન જાળવીએ અને અન્યના આત્મસન્માનને ઠેસ પણ ન પહોંચાડીએ. સંત કવિ તુલસીદાસજીએ કહ્યું છે કે,

"आव नहीं, आदर नहीं, नहीं नैनन में स्नेह;
तुलसी वहाँ न जाइए, चाहे कंचन बरसे मेह ।"

**(બ) તમારી શાળામાં યોજાયેલ 'શિયાળુ રમતોત્સવ'નો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]**

**જવાબ :** ભાવનગર

તા.13- 01- 2021

તા.12 જાન્યુઆરી સ્વામી વિવેકાનંદના જન્મદિન 'યુવાદિન' નિમિત્તે અમારી શાળામાં 'શિયાળુ રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

અમારી શાળાના સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સવારે સાત વાગ્યે શાળાના મેદાનમાં આવી પહોંચ્યા હતાં. કાર્યક્રમ શરૂ થતાં પહેલાં અમે સૌ મેદાનમાં ગોઠવાઈ ગયાં હતાં. રમતોત્સવનું ઉદ્‌ઘાટન આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોગમાં નામના મેળવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થિની કુ. ઋચા ઓમભાઈ ત્રિવેદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ભૂતપૂર્વ ક્રિકેટ પ્લેયર અશોક પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં યુવાનોને રમત-ગમત ક્ષેત્રે ભારતનું નામ રોશન કરવા અનુરોધ કર્યો હતો.

આ રમતોત્સવમાં કબડ્ડી, ખોખો, 100 મિ. દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, ગોળા ફેંક, બરછી ફેંક વગેરે રમતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પ્રસંગે અંગ્રેજી માધ્યમના ધો.10 અને ગુજરાતી માધ્યમના ધો.10ના વિદ્યાર્થીઓ વચ્ચે 20-20 ક્રિકેટ મેચ પણ યોજાઈ હતી. જેમાં ગુજરાતી માધ્યમ ધો.10નો 20 રને વિજય થયો હતો.

**(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : [04]**

ઘર કાનો-માત્રા વિનાનો બે અક્ષરી શબ્દ, પણ આ કેવળ શબ્દ નથી. આખું જીવન એની સાથે સંકળાયેલું છે. પક્ષીને પણ પોતાનો માળો હોય છે ! વાઘ, સિંહ જેવા પશુને પણ પોતાની ગુફા હોય છે ! ઘરેથી નીકળીને પછી માણસ જ્યાં સુધી ઘરે પહોંચતો નથી, તથા પોતાની પથારી પર સૂતો નથી ત્યાં સુધી એને જંપ અને ચેન મળતાં નથી. ઘર આગળ ફાઈવ-સ્ટાર હોટલ ફિક્કી લાગે છે. ઘર એટલે માત્ર સલામતીનું છાપરું નહીં, પણ ઘર એટલે હૂંફ. ગમે તેટલો ગરીબ માણસ હોય, પણ ઘરમાં એ રાજા છે. પુરુષ માટે જે ઘર છે તે સ્ત્રી માટે કિલ્લો છે. ઘરની મજા એ છે કે તમે તમારી રીતે વર્તી શકો છો. તમે જે છો ને જેવા છો એવા પ્રગટ થઈ શકો છો. જેમની ચેતનાનો વિસ્તાર થયો છે એમની ઘરની કલ્પના ઘણી વ્યાપક હોય છે.

**જવાબ :** **શીર્ષક : ઘર**

ઘર મનુષ્યના સમગ્ર જીવન સાથે સંકળાયેલું છે. મનુષ્યને ઘરે જ શાંતિ મળે છે. ઘર એટલે હૂંફ. પુરુષ અને સ્ત્રી માટે ઘરની વ્યાખ્યા અલગ - અલગ છે. ઘરની અંદર તમે તમારી રીતે વર્તી શકો છો. તમે જે છો ને જેવા છો એવા પ્રગટ થઈ શકો છો. જેમની ચેતનાનો વિસ્તાર થયો છે એમની ઘરની કલ્પના ઘણી વ્યાપક હોય છે.

**(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]**

- **પુસ્તકોની મૈત્રી**

**મુદ્દા :** પ્રસ્તાવના - સારાં પુસ્તકોનો જીવનમાં ફાળો - સારાં પુસ્તકોથી થતાં લાભ - નઠારાં પુસ્તકોનો ગેરલાભ - ઉપસંહાર

**જવાબ : પુસ્તકોની મૈત્રી :**

વિશ્વ પુસ્તક દિવસ 23 એપ્રિલના દિવસે ઉજવાય છે. દુનિયામાં દરેક સંબંધ કદાચ ખોટો સાબિત થઈ શકે છે, પરંતુ પુસ્તકો સાથેની મૈત્રીનો સંબંધ ક્યારેય ખોટો સાબિત થતો નથી. મનુષ્યનું ઘડતર સારાં પુસ્તકોના વાચનથી પણ શઈ શકે છે. પુસ્તકો દ્વારા દરેક વ્યક્તિની લાગણી સમજી શકીએ છીએ. પુસ્તક દ્વારા ભૂતકાળને વાંચી શકીએ, ઈતિહાસ વિષે જાણી શકીએ છીએ. મહાન લેખકોનાં વિચારોથી પણ પરિચિત થઈ શકીએ છીએ. પુસ્તકોનો સંસાર ખૂબ જ વિશાળ છે.

સારું પુસ્તક એક ઉત્તમ મિત્રની ગરજ સારે છે. પુસ્તકમાં દુનિયાભરના જ્ઞાનનો ખજાનો ભરેલો છે. પુસ્તક સુખ-દુઃખનું સાથી બની શકે છે. ઉત્તમ પુસ્તકોના વાંચનથી સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે. **'સંગ તેવો રંગ'** એ કહેવત પ્રમાણે સારાં પુસ્તકોનું વાચન મનુષ્યજીવનને ઉન્નત બનાવે છે. સહનશીલતા, ધીરજ જેવાં ગુણો પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. પુસ્તક એ આત્માની સવારી માટેનો રથ છે. અંગ્રેજીમાં એક જાણીતી ઉક્તિ છે : **A good book is man's friend, philosopher and guide.**

જેમ ઉત્તમ પુસ્તકો જીવનઘડતર કરે છે તેવી જ રીતે નઠારાં કે હલકી કક્ષાનાં પુસ્તકો જીવનને બદતર પણ બનાવે છે. અશ્લીલતા, ધર્મજનૂની, કોમવાદી પુસ્તકો સમાજને ભારે નુકસાન પહોંચાડે છે. બાળકોને એવાં જ પુસ્તકો વાચવા માટે આપવાં જોઈએ, જે તેમની વય-કક્ષા અનુસાર યોગ્ય હોય. ગેરમાર્ગે દોરનારાં પુસ્તકોના વાચનથી નાનપણથી જ પૂર્વગ્રહો અને ગ્રંથિઓ બંધાઈ જાય છે. ઘર કે શાળાના પુસ્તકાલયમાં મહાપુરુષોના જીવનચરિત્રો, ધાર્મિક કે સદાચારનાં પુસ્તકો જ રાખવાં જોઈએ. ફિલ્મી મેગેઝિનો બાળકોને વિકૃત બનાવે છે.

આજના હાઈટેક યુગમાં અને ઇન્ટરનેટ અને વેબસિરિઝના યુગમાં લોકોની વાંચન પ્રત્યેની રુચિ બિલકુલ ઘટી ગઈ છે. આજની યુવાપેઢી અને મોટી ઉંમરના લોકો પણ મોબાઈલમાં પોતાનો કીમતી સમય બરબાદ કરી રહ્યાં છે. પુસ્તકાલયો સૂમસામ પડ્યાં છે. પરંતુ સારાં પુસ્તકોનું મૂલ્ય હતું અને રહેશે જ.

પુસ્તકો અરીસા જેવાં છે. પુસ્તકો આપણા વ્યક્તિત્વનો પરિચય કરાવે છે. એક લેખકે સાચું જ કહ્યું છે કે 'તમે શું વાંચો છો એ મને કહો તો તમે કેવા છો એ હું તમને કહીશ.'' મહાત્મા ગાંધીને સત્યાગ્રહની પ્રેરણા રસ્કિનના 'Un to the last' પુસ્તકમાંથી પ્રાપ્ત થયેલી. I.I.M. માં ભગવદ્‌ગીતાના અધ્યાયો ભણાવાય છે એ આપણા માટે ગૌરવની વાત છે.

**અથવા**

- **વિશ્વ બંધુત્વ :**

**મુદ્દા :** પ્રસ્તાવના - ભારતીય સંસ્કૃતિ - 'વિશ્વ એક પરિવાર છે' એ ભાવનાને વિકાસ - વિશ્વ બંધુત્વની ભાવનામાં આત્મીયતાના સંબંધો - ઉપસંહાર

**જવાબ:** ભારતીય સંસ્કૃતિ ઉચ્ચ, ઉદાત્ત અને મહાન મૂલ્યો પર આધારિત છે. વેદમાં નિરૂપાયેલી ॐ सहनाववतु सह नौ भुनक्तु ની પ્રાર્થનામાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો એકતાનો

સૂર પ્રગટ થયો છે. આપણે સૌ એક જ પરમાત્માના સંતાનો છીએ. આ વિચારમાંથી वसुधैव कुटुम्बकम् ની કલ્પના સાકાર થઈ છે. સંત જ્ઞાનેશ્વરે 'આ વિશ્વ જ મારું ઘર છે.' એવો સમભાવ દર્શાવતો બોધ આપ્યો છે અને વિશ્વ બંધુત્વનું વરદાન માગ્યું છે.

વિશ્વ બંધુત્વની ભાવનાના મૂળ ભારત દેશમાં તેમજ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિમાં છે. આધુનિક સમયમાં ફ્રેન્ચ રાજ્યક્રાંતિમાંથી બંધુત્વની ભાવના જન્મી છે. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ પછી અન્ય પાશ્ચાત્ય દેશોમાં પણ આ વિશ્વ બંધુત્વની ભાવનાની કલ્પના અનેકવિધ રૂપે અસ્તિત્વમાં આવી. 'યુનો' અને 'યુનેસ્કો' જેવી વૈશ્વિક સંસ્થાઓના જન્મ પછી તમામ રાષ્ટ્રોમાં એકબીજાને એક જ કુટુંબના સભ્ય તરીકે જોવાની અને સ્વીકારવાની વૃત્તિ જાગી. પરસ્પર પ્રેમભાવ અને સંસ્કૃતિ, સાહિત્ય, કલા, જ્ઞાન, વિકાસ આદિના ક્ષેત્રે આદાન-પ્રદાન શરૂ થયાં.

ગેલિલિયો, શેક્સપિયર, સી.વી.રામન, ગાંધીજી, જગદીશચંદ્ર બોઝ, વિશ્વ કવિ રવીન્દ્રનાથ ટાગોર વગેરે વિશ્વ બંધુત્વની ભાવનાના પુરસ્કર્તા છે. ટાગોરે સ્થાપેલીશિક્ષણ સંસ્થા 'શાંતિનિકેતન'નું ધ્યેયસૂત્ર છે : 'विश्व भवत्येक नीडम्' અર્થાત્ વિશ્વ એ એક માળો છે અને આપણે સૌ એ માળાનાં પંખીઓ છીએ.

'वसुधैव कुटुम्बकम्'ની ભાવના વિકસાવવા માટે સમગ્ર વિશ્વમાં Social Media એ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એક રાષ્ટ્રનો વિદ્યાર્થી બીજા રાષ્ટ્રના સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન, કલા, શિક્ષણ વગેરેનો અભ્યાસ કરવા તેમજ ધંધાર્થીઓ ધંધાર્થે અન્ય રાષ્ટ્રમાં જઈ શકે છે. વિવિધ પ્રકારના વાહન, મોબાઈલ, ઈન્ટરનેટ, ટી.વી. વગેરે સાધનોને કારણે વિશ્વ આજે નાનું ગામડું બન્યું છે.

માનવ અને માનવેતર પ્રાણી વચ્ચે માનવ અને પ્રકૃતિ વચ્ચે પણ આત્મીયતાના સંબંધો કેળવાય એવો વિચાર પણ વિશ્વકુટુંબની ભાવનામાં રહેલો છે. પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, કૃતજ્ઞતા અને પ્રાણીમાત્ર પ્રત્યે આત્મીયતા રાખવાથી વિશ્વબંધુત્વની ભાવનાને પોષણ મળે છે. કવિ ઉમાશંકર જોશીએ ખરું જ કહ્યું છે કે **'વિશાળે જગ વિસ્તારે એક જ નથી માનવી, પશુ છે, પક્ષી છે વનોની છે વનસ્પતિ.'** વૈશ્વિક સમસ્યાઓ, પર્યાવરણ સંતુલન, વસ્તી વધારો, ભૂખમરો, આતંકવાદ, ગરીબી, બેકારી, નિરક્ષરતા, કુપોષણ જેવાં પ્રશ્નો સામે લડવા આજે વિશ્વ એક બન્યું છે.

**અથવા**

- **બળબળતા જામ્યા બપોર....**

**મુદ્દા :** પ્રસ્તાવના - બપોરનું વાતાવરણ - ગરમીની લોકો પર અસર - પ્રકૃતિ પર અસર - બપોરનું સૌંદર્ય - ઉપસંહાર

"રે આવ્યો કાળઝાળ ઉનાળો
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળ જટાળો."

- જયંત પાઠક

આપણાં દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ ગણાય છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. વસંત વિદાય પછી ગ્રીષ્મનું આગમન થાય છે.

ગ્રીષ્મમાં સૂર્યોદય પહેલાં થોડીક ઠંડક હોય

છે. એ સમયે અગાસીમાં કે ઘરના આંગણામાં મીઠી નીંદર માણી શકાય છે. પરંતુ સૂર્યોદય પછી સૂર્યની સરમુખત્યારશાહી શરૂ થાય છે. બપોરે તો જાણે આકાશમાંથી અગનગોળા વરસતા હોય એવો અસહ્ય તાપ પડે છે. ધરતીમાંથી ઊની લાય (ઝાળ) નીકળે છે. કદાચ એટલે જ મૃગજળનો આભાસ થાય છે.

ખેડૂતો, શ્રમિકો, વટેમાર્ગુઓ તથા પશુ પંખી પણ ઘટાદાર વૃક્ષોની છાયામાં વિશ્રામ કરે છે. **જાણે ઝાડવાએ છાંયડાની માંડી દુકાન !** ભેંસો પણ શીતળતા પ્રાપ્ત કરવા તળાવમાં પડી રહે છે.

ગામડાના આ દૃશ્ય સામે શહેરમાં A.C., ઍર કુલર અને પંખાઓ ધમધમવા માંડે છે. શહેરની સડકો પર સૂરજદાદાની હકૂમત છવાઈ જાય છે. અનિવાર્ય કારણોસર બપોરે બહાર નીકળવું જ પડે તો શહેરીજનો માથે ટોપી, પહેરીને કે રૂમાલ બાંધીને, છત્રી લઈને નીકળે છે. સૂર્ય કર્ફ્યૂનો ભંગ કરનાર બીમારીનો ભોગ બને છે. ઠંડા પીણાની દુકાનો, આઈસ્ક્રિમપાર્લરો લોકોને ઠંડા કરી તેમના ખિસ્સા હળવા કરી લે છે. ગામડામાં તો હજુ ક્યાંક-ક્યાંક પરબ જોવા મળે છે.

ગ્રીષ્મની બપોરનેય પોતાનું અલગ જ સૌંદર્ય હોય છે. ગરમાળો અને ગુલમહોર બરાબર ખીલી ઊઠે છે. બપોરે સ્વચ્છ આકાશમાં ચકરાવા લેતી સમડીનું દૃશ્ય કેવું સુંદર લાગે ! ગ્રીષ્મમાં ફાલસા, સાકરટેટી, તરબૂચ, દ્રાક્ષ, કેરી જેવાં સ્વાદિષ્ટ ફળો ભરપૂર મળે છે. એમ તો શેરડીનો રસ અને ઠંડી છાશની મજા માણવા જેવી હોય છે.

ઉનાળો ભલે જીવસૃષ્ટિને આકરો લાગતો હોય, પરંતુ ગ્રીષ્મના આકરા તાપ વિના જીવનને શાતા આપનારી વર્ષાનું આગમન શક્ય જ નથી.

**''દુર્જનની કૃપા બૂરી, ભલો સજ્જનનો ત્રાસ,**
**સૂરજ જ્યાં ગરમી કહે, ત્યાં વર્ષાની આશ.''**

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]**

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| (1) ઘોડીની સ્વામીભક્તિ | (અ) પન્નાલાલ પટેલ |
| (2) રેસનો ઘોડો | (બ) ગુણવંત શાહ |
| (3) વાઈરલ ઈન્ફેક્શન | (ક) અરવિંદ પંડ્યા |
| (4) ભૂખથીયે ભૂંડી ભીખ | (ડ) વર્ષા અડાલજા |
| | (ઈ) જોરારવસિંહ જાદવ |

જવાબ :

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| (1) ઘોડીની સ્વામીભક્તિ | (ઈ) જોરારવસિંહ જાદવ |
| (2) રેસનો ઘોડો | (ડ) વર્ષા અડાલજા |
| (3) વાઈરલ ઈન્ફેક્શન | (બ) ગુણવંત શાહ |
| (4) ભૂખથીયે ભૂંડી ભીખ | (અ) પન્નાલાલ પટેલ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) અંકિતની લાંબી ગન **<u>પ્લાસ્ટિક</u>** ની બનેલી હતી. **(પ્લાસ્ટિક, લોખંડ)**

(2) 'હાઉકારના પોયરાંને આપદા ની પડવી જોઈએ.' - જીવલાના આ વાક્યમાં **<u>કૃતજ્ઞતાનો</u>** ભાવ પ્રગટ થાય છે. **(કૃતજ્ઞતાનો, કૃતાર્થતાનો)**

(3) ગુણવંતશાહની દૃષ્ટિએ **સ્વચ્છ** હોસ્પિટલ વધારે મોંઘી હોય છે. **(પ્રતિષ્ઠિત, સ્વચ્છ)**

(4) ભૂલથી રતિલાલ બોરીસાગરની છત્રી લઈ ગયાનો એકરાર કરતો પત્ર **<u>રાજકોટ</u>** શહેરથી લેખક ઉપર આવેલો. **(રાજકોટ, સાવરકુંડલા)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) મંજુકાકી શા કારણે એકલાં પડી ગયા છે ?**

જવાબ : પોતાના દીકરાને પોતાના પતિ રેસના ઘોડાની જેમ દોડાવે છે, આથી મંજુકાકી એકલા પડી ગયાં છે.

**(2) વાળુ કરતા - કરતા મામા-ભાણેજે શી-શી વાતો કરી ?**

જવાબ : વાળુ કરતા-કરતા મામા-ભાણેજે સુખ-દુઃખની ને વહેવારની વાતો કરી.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [04]**

**(1) 'બાવાના બેય બગડ્યા' એમ કાળુ શા માટે કહે છે ?**

જવાબ : "તમારું છે ને તમને આપીએ છીએ. એમાં ધર્માદા જેવું કંઈ જ નથી." સુંદરજી શેઠના આ સૂચનથી કાળુએ દોઢ-પાશેર ખીચડી પોતાના ફાટેલા ધોતિયાના છેડે બાંધી, પણ ત્યાંથી રવાના થતાં તેને હસવું આવ્યું. તેને થયું કે આ તો 'બાવાના બેય બગડ્યાં' જેવો ઘાટ થયો, કારણ કે કાળુ માને છે કે આમ કરવાથી ક્યારેય કોઈની પાસે કંઈ માગવું નહીં એ ટેક પળાઈ નહીં અને ભીખ માગીને મરવા જેવું થયું. સ્વમાન ન રહ્યું.

**(2) આંબા પટેલને મણાર શા માટે જવું પડ્યું ?**

જવાબ : આંબા પટેલના મામાએ માણસ મોકલીને સંદેશો કહેવડાવ્યો હતો. આ સંદેશામાં ભાણાને જે કામ હોય એ પડતા મૂકીને મણાર આવીને રોટલા શિરાવવા જણાવ્યું હતું. મામાનો આ સંદેશો સાંભળીને આંબા પટેલને મણાર જવું પડ્યું.

**(3) બાળકોના વિકાસ અંગે વિનુકાકા શું માનતા હતા ?**

**જવાબ :** બાળકોના વિકાસ અંગે વિનુકાકા માનતા હતા કે મૂર્તિને ટાંકણાથી જેમ ઘડવી પડે એમ નાનાં બાળકોને ઘડવાં પડે. દુનિયા તેજ ગતિથી દોડી રહી છે. દરેક ક્ષેત્રમાં તીવ્ર હરીફાઈ ચાલે છે. બાળકે પોતાના ધ્યેય કે મંજિલ સુધી પહોંચવુ હોય તો ઘોડો દોડાવવો પડે. હારી ગયેલાંનો કોઈ ભાવ પૂછતું નથી.

**(ઈ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(2) જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં કરો.**

**જવાબ :** **કૃતિઃ** ચોપડાંની ઈન્દ્રજાળ

**કર્તાઃ** ચંદ્રકાન્ત પંડયા

**સાહિત્ય સ્વરૂપઃ** આત્મકથા - ખંડ

**સંદર્ભઃ** 'બાનો ભીખુ' માંથી

અભણ જીવલાએ ખેતર વેચાતું લેવા લેખકના પિતા પાસેથી ત્રણસો રૂપિયા વ્યાજે લીધેલા. તે પ્રામાણિક અને દાનતનો શુદ્ધ હતો. ગમે તેવાં માઠાં વર્ષ ગયાં હોય અને સારો પાક ઊતર્યો ન હોય તોપણ શાહુકારના છોકરાને આપદા ન પડવી જોઈએ, એટલે જેટલા પૈસા મળે તેટલા ચૂકવતો. ઉપરાંત દર વર્ષે લાકડાં, ડાંગર, કઠોળ, ગોળ, કેરી, શાકભાજી, બોર, જાંબુ, શેરડી વગેરે શાહુકારને ત્યાં જઈ આપી આવતો. તેની પત્નીનાં મૃત્યુ પછી તેનું બારમુ કરવા બીજા શાહુકાર પાસેથી કરજ લીધેલું. લેખક જીવલાને ત્યાં ઉઘરાણી કરવા જતા તો તેને જીવલો ઋતુઋતુનાં ફળ, ચણાનો ઓળો, શેરડી, બોર, કેરી વગેરે ખાવા આપતો અને સાથે ઘેર લઈ જવા પણ બાંધી આપતો. લેખક ભાતું લીધાં વિના આવ્યા હોય તો તેમને ભાવતો શીરો જમાડતો. લેખકને વાલોળ, રીંગણા બાંધી આપવા માટે તેની પાસે એકાદ થેલી પણ ન હતી. જુવાનીમાં જીવલો તદ્દન કૃશ થઈ ગયો હતો. તેના પુત્રની અર્ધનગ્ન દશા દરિદ્રતાને શરમાવે તેવી હતી. લેણદારના પૈસા દૂધે ધોઈને આપવા માટે જીવલો રાત દિવસ કાળી મજૂરી કરતો તોપણ તેનાં છોકરાં ભૂખે મરતાં. જીવલાની શુદ્ધ દાનત, પ્રામાણિકતા અને તેના કુટુંબની અત્યંત કરુણ દશા જોઈને લેખકે તેને ચોપડાંની ઈન્દ્રજાળમાંથી મુક્ત કર્યો.

**(2) નિજ મંદિરમાં ઊભું કરેલું કૃષ્ણ જન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.**

**જવાબ :** **કૃતિ :** જન્મોત્સવ

**કર્તા :** સુરેશ જોશી

**સાહિત્ય પ્રકાર :** નવલિકા

**સંદર્ભ :** ગૃહપ્રવેશ

અસિતે પોતાના ટેક્નોલોજીકલ જ્ઞાનના આધારે વીજળીની તરકીબથી કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય નિજમંદિરમાં ખડું કર્યું હતું. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો, દેવકીના ખોળામાં બાળરૂપે ઝૂલવા લાગ્યો. એકાએક કાંસા, ઝાલર, મંજીરા ને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નહોતું થયું છતાં પ્રભાતના બિભાસના સૂર છોડ્યાં. મુખિયાજીએ તૈયાર કરેલા અન્નકૂટમાં પણ રંગોની યોજના ચતુરાઈપૂર્વક કરી હતી. વસુદેવ શ્રીકૃષ્ણને લઈને ગોકુળ જવા નીકળ્યાં. દેવકી કરગરવા લાગી. આખરે વસુદેવે કૃષ્ણને હળવેકથી છાબમાં મૂક્યાં. અંગૂઠો ધાવતાં, વટપત્રમાં સૂતેલાં ભગવાનના ચહેરા પર ભુવનમોહિની હાસ્ય હતું. વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ પહોંચતા જ કૃષ્ણજન્મોત્સવ શરૂ થયો.

જશોદા મૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યાં. ગોપબાળના હર્ષોલ્લાસથી વનરાજી ગાજી ઊઠી. સૌને પંચાજીરીનો પ્રસાદ આપ્યો. શરણાઈએ લલિત રાગ છેડ્યો. અંકિત ખેલ પૂરો કરી બહાર આવ્યો. અસિતની આ તરકીબોને સૌએ આનંદ ઉત્સાહથી માણી.

**(3) પુત્રી ખોયાની માતા-પિતાની વેદના 'ગતિભંગ' પાઠના આધારે તમારા શબ્દોમાં વ્યક્ત કરો.**

જવાબ :**કૃતિ :** ગતિભંગ

**કર્તા :** મોહનલાલ પટેલ

**સાહિત્ય પ્રકાર :** લઘુકથા

**સંદર્ભ :** વિકલ્પમાંથી

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને તેની પત્ની ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. ત્યાં અચાનક એ માર્ગે ડુંગરની પત્નીની ચાલવાની ગતિ થંભી ગઈ. તેનામાં આગળ ચાલવાની શક્તિ નહોતી. એ માર્ગે તે તેની મૃત બબલીની પગલીની છાપને વારંવાર શોધતી રહી. અંતે માતાને આંગળાની બોર જેવી પોતાની બાળકીની પગલીની છાપ દેખાઈ અને તેને મૃત બબલી યાદ આવી ગઈ. ખેતરે જતાં અને આવતાં આગળને આગળ દોડી જતી બબલીની પગલીઓ તેના હૈયામાં વસી ગઈ હતી. આથી તે એક ડગલું પણ ચાલી શકતી ન હતી. આ જોઈને ડુંગર પહેલા તો ગુસ્સે થયો, કેમકે તેને થાય છે કે આમ ગતિ ધીમી પડી જશે તો ગાડી ચૂકી જવાશે.'ગાંડી એવા પગલાં તો ઘણાંય હોય.' એમ કહીને ડુંગર તેની પત્ની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે અને તેને આગળ ચાલવા કહે છે, પણ તે ય પોતાની મૃત બાળકીની યાદમાં ઝૂરતી પત્નીને વધુ કંઈ કહી શક્યો નહીં. તેણે પોતાની નજર આકાશના કોઈ માર્ગ તરફ વાળી લીધી. પતિ-પત્ની બંને સ્થિર થઈ જાય છે. છેવટે પતિને જોઈ સાવધ બનેલી પત્નીએ કહ્યું : "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું." આ શબ્દોમાં લેખકે વેગથી ચાલ્યાં જતાં પાત્રોની મનોવેદનાને અતિશય સંયમથી વ્યક્ત કર્યા છે.

## વિભાગ - B (પદ્ય)(કુલ ગુણ 20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખોઃ [04]**

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) વિનોદ જોશી |
| (2) દીકરી | (બ) હરીન્દ્ર દવે |
| (3) હું એવો ગુજરાતી | (ક) કલાપી |
| (4) માધવને દીઠો છે ક્યાંય ? | (ડ) અશોક ચાવડા |
| | (ઈ) નરસિંહ મહેતા |

જવાબ :

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| (1) વૈષ્ણવજન | (ઈ) નરસિંહ મહેતા |
| (2) દીકરી | (ડ) અશોક ચાવડા |
| (3) હું એવો ગુજરાતી | (અ) વિનોદ જોશી |
| (4) માધવને દીઠો છે ક્યાંય ? | (બ) હરીન્દ્ર દવે |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [04]**

(1) બરકત વિરાણીનું ઉપનામ **બેફામ** છે. **(બેફામ, બેદિલ)**

(2) 'ચાંદલિયો' કાવ્યમાં **શરદ** ઋતુની વાત કરવામાં આવી છે. **(વર્ષા, શરદ)**

(3) તમારા પાઠ્યપુસ્તકમાં કટાવ અને મનહર જેવા મિશ્ર છંદમાં રચાયેલી કૃતિ <u>એક બપોરે</u> છે.
**(એક બપોરે, દીકરી)**

(4) વેચાઈ ગયેલાં ઢોર સતત <u>કોઢારની</u> ઝંખના કરે છે. **(ખેડૂતની, કોઢારની)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) વતનથી વિદાય થતાં કવિ શું અનુભવે છે ?**

**જવાબ :** વતનથી વિદાય થતા કવિ વતન માટેનો તલસાટ અનુભવે છે.

**(2) સૃષ્ટિનું સૌંદર્ય કવિ કલાપીને ક્યાં-ક્યાં જોવા મળે છે ?**

**જવાબ :** સૃષ્ટિનું સૌંદર્ય કવિ કલાપીને પંખીઓ, ફૂલો, લતા-વેલ, ઝરણાં, વૃક્ષો વગેરે પ્રકૃતિ તત્ત્વોમાં જોવા મળે છે.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [04]**

**(1) નરસિંહ મહેતા કોની માતાને ધન્ય ગણે છે ?**

**જવાબ :** જે સકળ લોકમાં સહુને માટે વંદન કરવા યોગ્ય છે, જે કોઈની નિંદા કરતો નથી અને જેના મન-વચન-ચારિત્ર્ય નિર્મળ છે, એવી વ્યક્તિની માતાને નરસિંહ મહેતા ધન્ય ગણે છે.

**(2) 'દીકરીને માથે હાથ ફેરવવો' અને 'દીકરી હાથ દે' એમાં શો ફરક છે ?**

**જવાબ :** દીકરીને માથે હાથ ફેરવવો એટલે પિતાએ દીકરીને વાત્સલ્ય પૂરું પાડવું. એ જ દીકરી મોટી થાય અને પિતાને હાથ આપે એટલે કે સમજપૂર્વક પિતાને એમના જીવનમાં પૂરક થાય. મદદ કરે. આમ, દીકરી પ્રત્યેની પિતાની જવાબદારી અને બદલામાં દીકરીની પિતા પ્રત્યેની સમર્પણભાવના કાવ્યમાં વ્યક્ત થઈ છે.

**(3) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?**

**જવાબ :** કવિ વિનોદ જોશીએ ગાંધીજીના સત્યને આયુધ(શસ્ત્ર) કહ્યું છે. વિશ્વમાં અનેક યુદ્ધો જાત-જાતના આયુધોથી લડાયા છે અને ભવિષ્યમાં પણ લડાશે; પરંતુ આ સત્યરૂપી આયુધની વિશેષતા એ છે કે ગાંધીજીએ એનાથી બ્રિટિશરોને ધ્રુજાવ્યાં હતાં અને ભારતને આ સત્યરૂપી આયુધને કારણે જ સ્વતંત્રતા મળી હતી. વિશ્વના ઇતિહાસમાં આ એક અનોખી ઘટના છે.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો :(ગમે તે બે) [06]**

**(1) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.**

**જવાબ :** **કૃતિઃ** માધવને દીઠો છે ક્યાંય?

**કર્તા :** હરીન્દ્ર દવે

**સાહિત્યસ્વરૂપ :** ઊર્મિગીત

**સંદર્ભઃ** 'વરસાદની મોસમ છે' માંથી

વાંસળીથી વિખૂટો પડેલો સૂર કૃષ્ણને શોધી રહ્યો છે. કૃષ્ણવિરહમાં તડપતા સૂરે કૃષ્ણની શોધ આદરી છે. એ બાળકૃષ્ણ સાથે જોડાયેલાં તમામ સજીવ - નિર્જીવ તત્ત્વો પાસે જઈ 'મારા માધવને દીઠો છે ક્યાંય ?' આવો, પ્રશ્ન કરે છે. એને ખાતરી છે કે કૃષ્ણ એને ક્યાંકથી તો મળશે જ. આથી સૌ-પ્રથમ કૃષ્ણની ચરણરજથી પવિત્ર થયેલી મારગની ધૂળને પૂછે છે. ત્યાંથી કોઈ પ્રત્યુત્તર ન મળતા એ યમુનાના વહેણ પાસે જાય છે. ત્યાં પણ યમુનાના વહેણને મૂંગા જોઈ અને રાધાની આંખને ઉદાસ જોઈ નિરાશ થાય છે. પવનની લહેરખી એને વ્યાકુળ કરે છે. બહાવરી રાત્રિનાં પગલાંના સ્પર્શથી રાતરાણીને ઝાકળમાં નહાતી જુએ છે. પણ વાંસળીના સૂરની કૃષ્ણને મેળવવાની ઉત્કંઠા

સંતોષાતી નથી. કૃષ્ણના મુગટનું મોરપિચ્છ ઊડતું આવે તો એનાં સુંવાળા રંગ સાચવવાની એને ઈચ્છા થાય છે. અંતે સૂરમાં એક આશાનું કિરણ જાગે છે. સૂરને પોતાની વાંસળીના આભમાં કૃષ્ણના નામનો ચંદ્ર ઊગતો દેખાય છે. ચંદ્રના કિરણોનું તેજ યમુનાના જળમાં રેલાય છે. હવે એને પાતાળમાં હરિવર પરખાય છે. અહીં સૂરની શોધ સમાપ્ત થાય છે; તે કૃષ્ણનું દર્શન પામે છે.

**(2) કવિ કલાપી શિકારીને કઈ શિખામણ આપે છે ?**

**જવાબ :કૃતિઃ** શિકારીને

**કર્તાઃ** સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

**સાહિત્ય સ્વરૂપ :** ઊર્મિકાવ્ય

**સંદર્ભ :** 'કલાપીનો કેકારવ' માંથી

કવિ કલાપી શિકારીને શિખામણ આપે છે કે તું સંહાર કરવાનું છોડી દે. પક્ષીનો શિકાર કરવાની ક્રૂરતા તને શોભતી નથી. આ વિશ્વ સંતોનો આશ્રમ છે. એમાં પંખીઓ, ફૂલો, લતા, ઝરણાં, વૃક્ષ વગેરે અનેક પ્રકૃતિ તત્ત્વોનું સૌંદર્ય સમાયેલું છે. એના તરફ ક્રૂર દૃષ્ટિ રાખવી એ તને શોભતું નથી. પક્ષીનો શિકાર કરવાથી તને કેવળ તેનું મૃત શરીર મળશે. તારે એના સૌંદર્યને માણવું હોય તો ક્યાંક છુપાઈને તેનાં મધુર ગીત સાંભળ. એનાથી પક્ષી તેના પ્રભુ સાથે તારા હૈયામાં વાસ કરશે. સૌંદર્યને વેડફી દેવાથી તેની સુંદરતા નાશ પામે છે. સૌંદર્ય માણવું હોય તો સૌંદર્યને માણવા માટેની દૃષ્ટિ કેળવ. સૌંદર્ય માણવું એ પ્રભુ સાથેનું જોડાણ છે. સૌંદર્યનું જતન કરવાથી, તેનો આદર કરવાથી પ્રભુનો આનંદ માણી શકાય છે. આ વિશ્વમાં ચારે બાજુ આર્દ્રતા છવાયેલી છે. એમાં આપણે પણ સાથ આપીએ તો એમાં આપણું જ કલ્યાણ છે.

**(3) નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં-કયાં લક્ષણો જણાવે છે ? તમારા શબ્દોમાં લખો.**

**જવાબ : કૃતિ :** વૈષ્ણવજન

**કર્તા :** નરસિંહ મહેતા

**સાહિત્ય પ્રકાર :** પદ

**સંદર્ભ :** 'નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ'માંથી

આ પદમાં વૈષ્ણવજન (સજ્જન કે ભગવાનનો માણસ)નાં લક્ષણો દર્શાવવામાં આવ્યાં છે.

નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં લક્ષણો દર્શાવતાં જણાવે છે કે સાચો વૈષ્ણવજન હંમેશા પારકાનાં દુઃખદર્દને સમજે છે અને તેને દૂર કરીને તેના પર ઉપકાર કરે છે, છતાં મનમાં તેનું સહેજે અભિમાન લાવતો નથી.

સમગ્ર વિશ્વમાં સૌને તે વંદન કરે છે. તે કોઈની નિંદા કરતો નથી. તેનાં મન, વાણી અને ચારિત્ર્યમાં કોઈ ભિન્નતા જોવા મળતી નથી. આવા વૈષ્ણવજનની માતા ધન્યવાદને પાત્ર છે.

સાચા વૈષ્ણવજનની દૃષ્ટિમાં સૌ સમાન છે. તેણે કામનાનો ત્યાગ કર્યો હોય છે. તે પરસ્ત્રીને માતા સમાન ગણે છે. તે ક્યારેય અસત્યનું આચરણ કરતો નથી અને પરાયા ધનને હાથ પણ લગાડતો નથી. એ મોહ-માયાથી પર હોય છે.

તેના હૃદયમાં દૃઢ વૈરાગ્ય ભાવ હોય છે. તેનું ચિત્ત હંમેશા રામનામની ધૂનમાં લીન હોય છે. તે નિર્લોભી, નિષ્કપટ નિર્મળ હોય છે. તેણે કામ-ક્રોધ પર વિજય મેળવ્યો હોય છે. આવો વૈષ્ણવજન સ્વયં તીર્થસ્વરૂપ છે.

## વિભાગ - C (વ્યાકરણ)(કુલ ગુણ 20)

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
  **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :**

(1) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો :**[01]**

- **પ્રતીબિંબ (પ્રતિબિંબ, પ્રતિબીંબ, પ્રતિંબિબ)**

**જવાબ: પ્રતિબિંબ**

- **પૂનરુદ્ધાર (પુનરુધ્ધાર, પુર્નરુધ્ધાર, પુનરુદ્ધાર)**

**જવાબ: પુનરુદ્ધાર**

(2) **'પર્યાવરણ'** શબ્દની સાચી સંધિ છોડો : **[01]**
**(પરી + આવરણ, પર્ય + આવરણ, પરિ+ આવરણ)**

**જવાબ: પરિ+આવરણ**

(3) **'વૈષ્ણવજન'** શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**
**(કર્મધારય, મધ્યપદલોપી)**

**જવાબ: કર્મધારય**

(4) **યોગ્ય જોડકાં જોડો :** **[01]**

| (અ) | (બ) |
|---|---|
| (1) કર્તરિ વાક્ય રચના | **(અ)** મારાથી વિદાય લેવાઈ. |
| (2) કર્મણિ વાક્ય રચના | **(બ)** મારાથી વળગી રહેવાયું. |
| | **(ક)** મનીષા તમને ચાહે છે. |

**જવાબ : (1) કર્તરિ વાક્ય રચના (ક)** મનીષા તમને ચાહે છે.

**જવાબ : (2) કર્મણિ વાક્ય રચના (અ)** મારાથી વિદાય લેવાઈ.

(5) **'ભૂખથીયે ભૂંડી ભીખ છે'** વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો **:** **[01]**
**(સજીવારોપણ, વ્યતિરેક,યમક)**

**જવાબ : વ્યતિરેક**

(6) **'ઉલ્લેખ'** શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**
**(ઉલ્, ઉત્, એખ)**

**જવાબ : ઉત્ - પૂર્વપ્રત્યય**

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો :**[01]**

- **સાંઢણી (આખલી, ઊંટડી, ગાય)**

**જવાબ : ઊંટડી**

- **મોર (મહોર, ઢેલ, કલાપી)**

**જવાબ : કલાપી**

(8) **'શહેર'** સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો : **[01]**
**(વ્યક્તિવાચક, જાતિવાચક , દ્રવ્યવાચક)**

**જવાબ : 'શહેર' જાતિવાચક**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
**મોટાઈ માથે ચડાવવી -**

**જવાબ : મહાનતાને માન આપવું.**

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો : **[01]**
**મફતના મરી કોને તીખાં લાગે ?**

**જવાબ : પારકે પૈસે મજા કરવી સૌને ગમે.**

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
**પૃથ્વી અને આકાશની જ્યાં સંધિ દેખાતી હોય તે રેખા-**

**જવાબ : ક્ષિતિજ**

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
**આશીર્વાદ**

**જવાબ : આશીર્વાદ × શાપ**

(13) નીચેના શબ્દોનો જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

- **ચિર**

**જવાબ : ચિર - લાંબુ**

- **ચીર**

**જવાબ : ચીર - વસ્ત્ર**

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**

**વાચ**

જવાબ : **વાણી**

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**

**મોહમાયા વ્યાપે નહીં તેને,**
**દઢ વૈરાગ્ય જેના મનમાં રે.**

જવાબ : **દઢ - ગુણવાચક વિશેષણ**

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**

**અમારી છત્રી એમ વરસદિવસમાં તૂટી ન જાય.**

જવાબ : **વરસ દિવસમાં - સમયવાચક ક્રિયા વિશેષણ**

(17) **'તૃપ્તિ'** શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો : **[01]**

જવાબ : **ત્ + ઋ + પ્ + ત્ + ઈ**

(18) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો : **[01]**

**ફોગટ થોડું આપે છે ?**

જવાબ : **ફોગટ થોડું અપાય છે ?**

(19) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો : **[01]**

**રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;**
**નહીં તો ના બને આવું, બોલી માતા ફરી રડી.**

જવાબ : **અનુષ્ટુપ છંદ**

(20) **'ય મ ન સ ભ લ ગા'** કયા છંદનું બંધારણ છે ? **[01]**

જવાબ : **શિખરિણી**

## વિભાગ - D (લેખન) (કુલ ગુણ 20)

(અ) **નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]**

**ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,**
**ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.**

જવાબ : પ્રસ્તુત પંક્તિ દ્વારા કવિ આપણને આ સૃષ્ટિ પરિવર્તનશીલ હોવાનું સત્ય સમજાવે છે. જીવનની ઘટમાળ ઊંચીનીચી ફર્યા જ કરે છે. જીવનરૂપી સાગરમાં ક્યારેક સુખરૂપી ભરતી આવે છે તો ક્યારેક દુઃખરૂપી ઓટ પણ આવે છે. જેમ સાગરમાં ભરતી પછી ઓટ નિશ્ચિંતપણે આવે છે તેમ આપણા જીવનમાં પણ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ ચોક્કસપણે આવે છે. આમ, આપણું જીવન પણ સુખદુઃખથી ભરેલું છે. મીરાંબાઈ કહે છે તેમ કોઈ દિવસ ખાવાને શીરો ને પૂરી મળે તો કોઈ દિવસ ભૂખ્યા પણ રહેવું પડે. રાત - દિવસ, તડકો - છાંયડો, અમાસ - પૂનમની જેમ સુખ-દુઃખ એ માનવજીવનનો નિશ્ચિત ક્રમ છે.

સુખ-દુઃખ કંઈ કાયમ ટકતાં નથી. 'આ દિવસો પણ વહી જવાના છે.' તારીખિયાં પર લખેલા આ સુવિચાર અનુસાર આપણે સુખમાં છકી ન જવું અને દુઃખમાં હિંમત ન હારવી. બન્ને પરિસ્થિતિમાં આપણે સમાન વ્યવહાર કરવો જોઈએ. કોઈ કવિએ ખરું જ કહ્યું છે કે,

**'એવાં ઉછળે છે જિંદગીનાં મોજાં,**
**કોઈ દિન ઈદ તો કોઈ દિન રોજા.'**

**અથવા**

**ત્રણ વાનાં મુજને મળ્યા : હૈયું, મસ્તક ને હાથ;**
**બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું.**

જવાબ: પ્રસ્તુત કાવ્યપંક્તિ દ્વારા કવિ ઉમાશંકર જોશી મનુષ્યની ખુદ્દારી દર્શાવે છે.

અહી કવિ સંતોષની ભાવના પ્રગટ કરે છે. ઈશ્વરે મનુષ્યને મુખ્ય ત્રણ અંગ - હૈયું, મસ્તક અને હાથ આપ્યાં છે. માનવીને ખુમારીપૂર્વક જીવન જીવવા માટે આ અંગો

પર્યાપ્ત છે. આથી વિશેષ કાંઈ પણ પ્રભુ પાસે માગવાની જરૂર રહેતી નથી. ઈશ્વરે માનવીને સંવેદનશીલ હૈયું આપ્યું, મસ્તક (મગજ - બુદ્ધિ) આપ્યું. અને મનમાં સકારાત્મક વિચારીને અમલમાં મૂકવા માટે મજબૂત હાથ આપ્યાં. હૈયામાં લાગણી, પ્રેમ અને કામ કરવાની લગન હોય, મસ્તકમાં સકારાત્મક વિચારો આવતા હોય અને હાથ દ્વારા પરિશ્રમ કરવાની વૃત્તિ હોય તો માનવી દુનિયામાં કોઈપણ કામ આત્મવિશ્વાસ અને દૃઢ નિષ્ઠાથી પાર પાડી શકે છે. ભગવાને આ ત્રણ અંગો આપીને જાણે દુનિયાનું સુખ ખોબે-ખોબે આપી દીધું છે. આ પંકિત દ્વારા કવિ પરમ સંતોષ પ્રગટ કરે છે અને કહે છે. જા, ચોથું નથી માગવું. ખુમારીપૂર્વક કહેલાં આ શબ્દો કવિનો સંતોષ અને આત્મનિર્ભરતાની ભાવનાને પણ પ્રગટ કરે છે.

(બ) **તમારી શાળાનો વિદ્યાર્થી ધો.10માં ગુજરાત બોર્ડમાં પ્રથમસ્થાને આવ્યો છે તેનાં સન્માન સમારંભનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.** **[04]**

**જવાબ:** ભાવનગર

તા. 5/6/2020

એસ.એસ.સી.ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર યશ રાવનો સન્માન સમારંભ તા. 4/6/2020 ના રોજ શાળાના પ્રાર્થનાખંડમાં શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

શિક્ષણમંત્રી સાથે અતિથિવિશેષ તરીકે શહેરનાં બન્ને ધારાસભ્યોએ પ્રોત્સાહક હાજરી આપી હતી. પ્રાર્થનાથી પ્રારંભાયેલા આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છો દ્વારા શાળાના ટ્રસ્ટીઓએ કર્યું હતું. શિક્ષણમંત્રીના વરૃદ હસ્તે યશ રાવને પ્રમાણપત્ર અને ઈનામની રકમનો ચેક અર્પણ કરી તેનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે શાળાના સંચાલકશ્રીએ યશની સફળતાને બિરદાવી યશને લેપટોપ આપી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતીના શિક્ષક પટ્ટણી સરે કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, સુજ્ઞ નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ શાળાના સુપરવાઈઝરશ્રી તરુણભાઈ વ્યાસે કરી હતી. અલ્પાહાર સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

(ક) **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** **[04]**

યુવાન માણસોમાં ઘણુંખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે. જેથી કરીને લુચ્ચાઈમાં પાકા થયેલાં માણસોનો તેઓ ભોગ થઈ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાનાં વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે તેથી પોતાને હંમેશા નુકસાન થાય; એટલું જ નહીં પણ ઘણી વખત વિનાશકારક પરિણામ નીપજે. આથી મોઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું, પણ તેમના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહીં. પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઈ જાય છે એવું કદી ધારતા નહીં. ખરી મિત્રતા તો હળવે-હળવે થાય છે અને અન્યોન્યનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃદ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

**જવાબ : શીર્ષક : સાચા મિત્રની પરખ**

કેટલાક ભોળા યુવાનો 'હું તમારો મિત્ર છું.' એમ કહેનાર અજાણ્યા માણસને પણ ખરો મિત્ર ગણી લે છે, એવો વધુ પડતો વિશ્વાસ નુકસાનકારક નીવડે છે. વાસ્તવમાં મિત્રતા ધીમે ધીમે જ કેળવાય છે. અને અન્યોન્યના ગુણોની પરખ વગર દૃઢ થતી નથી.

(ડ) **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]**

- **વર્ષાઋતુ :**

**મુદ્દા :** પ્રસ્તાવના - વર્ષાનું સ્વાગત - અષાઢ મહિનામાં મેઘરાજાની સવારી - શ્રાવણ મહિનામાં મેઘરાજાની ઝરમર - વાતાવરણ રમણીય અને કમનીય - ઉપસંહાર

જવાબ : **'તમે મન મૂકી વરસો,ઝાપટું આપણને નહીં ફાવે,**
**અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે.'**

- ખલીલ ધનતેજવી

કવિઓએ અને કુદરતપ્રેમીઓએ જેને ઋતુઓની મહારાણી કહી છે તે વર્ષાઋતુ સૃષ્ટિનું સૌભાગ્ય, માનવજીવનની સંગિની, જીવમાત્રનો આધાર, દેશની ભાગ્યવિધાત્રી અને સૌની એ અન્નપૂર્ણા છે.Rain is Queen of All Seasons.

ઉનાળાના આકરા અને અસહ્ય તાપ પછી સમયસર વર્ષાનાં વધામણાં થતાં જ પ્રકૃતિમાં પ્રાણ પૂરાઈ જાય છે. નદી, સરોવર, કૂવા, વાવ, તળાવો, ઝરણાં, નાળાં ને જળાશયો પાણીથી છલકાઈ જાય છે. ઉનાળામાં નિષ્પ્રાણ બનેલી ધરતી વરસાદમાં નાહીને લીલીછમ્મ બની જાય છે. સમગ્ર કુદરતમાં નવી તાજગી પ્રસરી જાય છે. વનોની વનસ્પતિ, વૃક્ષો નવપલ્લવિત થઈ વર્ષાના તોફાની પવન સાથે ડોલી ઊઠે છે. ધરતીએ જાણે લીલી ચૂંદડી ધારણ કરી હોય કે ધરતી પર જાણે નીલમના ગાલીચા પથરાઈ ગયાં હોય એવી શોભા ચોતરફ પથરાઈ જાય છે.

**'એવાં ઝીણા-ઝીણા વરસે મેહ,**
**કે ભીંજે મારી ચૂંદલડી,**
**એવો ઊતર્યો કૌમાર્યનો નેહ,**
**કે ભીંજે મારી ચૂંદલડી'**

અષાઢ મહિનો વર્ષારાણીના આગમનનો મહિનો છે. આ મહિનામાં જ ધોધમાર વરસાદ વરસે છે. જીવમાત્ર જેની કાગડોળે રાહ જુએ છે. એ મેહુલો મન મૂકીને ત્યારે જ વરસે છે, જયારે લોકો ગાય છે કે,

**'આવ રે મેહુલા આવ, મેહુલા અષાઢના રે'**

સમગ્ર જીવસૃષ્ટિમાં નવો સંચાર થાય છે. વીજળીના કડાકા - ભડાકા સાથે આકાશનું હેત વરસે છે ત્યારે મેઘાણીજી પણ ગાય છે કે,

**'આષાઢી સાંજના અંબર ગાજે,**
**અંબર ગાજે, મેઘાડંબર ગાજે,**
**અષાઢી સાંજના..'**

અષાઢ મહિનામાં મેઘરાજની ઓપનિંગ ધમાકેદાર થાય છે. ખેડૂતો વાવણીનો પ્રારંભ કરે છે. આકાશમાંથી વરસતા કાચા સોના જેવો વરસાદ જોઈને જ ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હશે કે,

**'મોર બની થનગાટ કરે,**
**મન મોર બની થનગાટ કરે,**
**ઘનઘોર ઝરે ચહુ ઓર,**
**મારું મન મોર બની થનગાટ કરે .'**

સાવન કે શ્રાવણ મહિનામાં વરસાદનું જોર થોડું નરમ પડે છે. નદી - નાળાંઓ

છલકાઈ ગયાં છે. ધરતીમાતાએ જાણે લીલી ઓઢણી ધારણ કરી લીધી છે. લોકો ઉત્સાહમાં આવી રક્ષાબંધન, સાતમ- આઠમ જેવા તહેવારો મનાવે છે. વિરહી હૃદયમાં પણ પ્રિય મિલનની ઉત્કંઠા જાગે છે કે,

'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ.'

શ્રાવણ મહિનામાં કવિહૃદય જેવું ખીલે છે તેવું એક પણ મહિનામાં ખીલતું નથી અને ગાઈ ઊઠે છે કે

**'ભલભલાં આ મોસમે મૂંઝાય છે**
**ભાગ્યશાળી હોય એ જ ભીંજાય છે.**
**જોઈએ આ ઝરમર પછી શું થાય છે,**
**જીવ આજ ક્યારનો હરખાય છે.'**

શ્રાવણના સરવડાંઓ સમાપ્ત થયાં પછી પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે છે. જંગલો, ખેતરો, વાડીઓ વગેરે સમગ્ર વનસ્પતિસૃષ્ટિ લીલીછમ્મ બની છે. ધરતીમાતાનું આ રૂપ સમગ્ર વાતાવરણને રમણીય અને કમનીય બનાવે છે. વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. સાવનના આ મહિનાનો શોર કવિ રમેશ પારેખને પણ મન મૂકીને વરસાવે છે.

**'આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે**
**હાલક ડોલક ભાનસાન વરસાદ ભીંજવે.**
**અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,**
**મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે.'**

વર્ષાઋતુ મારી પ્રિય ઋતુ છે. બાળપણમાં કાગળની હોડી તરાવવાની હોય કે માટીના રમકડાં બનાવવાનાં હોય કે પછી સાઈકલ લઈને રોડ પર ભરાયેલા ખાડાઓમાંથી પસાર થવાનું હોય મૂળ તો વરસાદમાં ભીંજાવાનું કોઈ બહાનું હતું. વર્ષાઋતુનો નિબંધ આજે શાળાના ઓરડાની ચાર દીવાલો વચ્ચે ભણાવાય છે ત્યારે યાદ આવી જાય છે -

'वह कागज की कश्ती वह बारिश का पानी....

અંતે તો એટલું જ કહીશ કે,

**'ભલભલા આ મોસમે મૂંઝાય છે**
**ભાગ્યશાળી હોય એ જ ભીંજાય છે.'**

**અથવા**

- **મારા શૈશવના સંસ્મરણો :**

**મુદ્દા :** પ્રસ્તાવના - બાળપણની ટેવો - બાલમંદિરના સંસ્મરણો - પ્રાથમિક શાળાના સંસ્મરણો - રજાના સંસ્મરણો - ઉપસંહાર

જવાબ : **'મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી'**

હું મારા શૈશવને યાદ કરું છું ત્યારે સંસ્કૃત ભાષાના મહાન નાટ્યકાર ભવભૂતિની આ પ્રસિદ્ધ પંક્તિ મને યાદ આવી જાય છે - 'ते हि नो दिवसाः गताः' એ દિવસો તો હવે સદાને માટે ગયા જ. માનવજીવનનો સુવર્ણકાળ એટલે બાળપણ. આ એવી અવસ્થા છે જેમાં આપણાં દરેક તોફાનોને માફ કરવામાં આવે છે. ન આર્થિક ઉપાર્જન કે ઘર ચલાવવાની ચિંતા, ન સામાજિક જવાબદારીઓ.

હું મારા બાળપણની વાત કરું તો હું બાળપણમાં ખૂબ જ રમતિયાળ અને તોફાની હતો. ઘણી બધી કુટેવો હતી. મારી મનપસંદ વસ્તુઓ કે રમકડાં મેળવવા હું એવી જીદ કરતો કે મારાં માતા - પિતા જ નહીં, નાનાં - મોટાં ભાઈ-બહેન પણ શરણાગતિ સ્વીકારી મારી જીદ પૂરી કરી આપતા. મને યાદ છે.

કપડાં, ફટાકડા, રમકડાં વગેરે મારા ભાગે વધારે અને સારા આવતાં. આજે એ બધું યાદ કરું છું ત્યારે આનંદની લાગણી અનુભવું છું.

હું ત્રણ કે ચાર વર્ષનો હોઈશ ત્યારે મને બાલમંદિરમાં મૂકવામાં આવ્યો. બાલમંદિરમાં જ્યાં સુધી મારાં મમ્મી સાથે હોય ત્યાં સુધી જ હું રહેતો. ઘરે જવા માટેનું હાજર હથિયાર - મોટેથી રડવાનું હતું. રડવાથી જ બધી જીદો પૂરી થતી. હા, બાલમંદિરનાં સ્મરણો અદ્‌ભુત હતાં, જેને આજે પણ વાગોળું છું. ક્રિયા દ્વારા કેળવણી અને ઈન્દ્રિયોની ખરી કેળવણી બાલમંદિરમાં જ મળી. સમૂહજીવનની તાલીમનો પહેલો પાઠ પણ ત્યાં મળ્યો. એકંદરે બાળમંદિરના દિવસો સોનેરી હતા.

હું પાંચ વર્ષનો થયો ત્યારે શ્રીફળ અને સાકરના પડા સાથે મને પ્રાથમિક શાળાના પહેલા ધોરણમાં દાખલ કર્યો પરંતુ બાળમંદિર જેવું વાતાવરણ ન મળ્યું. અહીં ભણવું પડતું, રમકડાં અને વિવિધ નાસ્તા ન હતાં. પ્રેમાળ શિક્ષકો અને નાચ-ગાન-સંગીત ઓછું થયું. કંટાળાજનક ગણિત-વિજ્ઞાન જેવા વિષયો પરાણે ભણવા પડતાં. હા, શાળાના સમય બાદ દફતરનો ઘરમાં ઘા કરી શેરીરમતો મોડી રાત સુધી ચાલતી. અહી જ હું વાંચતા - લખતા શીખ્યો. આજે પણ એ શિક્ષકોના ચહેરા મને બરાબર યાદ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં વેકેશન જ મારો પ્રિય વિષય હતો. જાહેર રજાઓ, રવિવારની તો કાગડોળે રાહ જોતો. રજાના દિવસોમાં મિત્રો સાથે સીમમાં બોર - જામફળ - કાતરાં - આંબલી - ઓળાની મોજ માણવા નીકળી પડતાં. રજામાં સાઈકલ લઈ મિત્રો સાથે દૂર - દૂર નીકળી જતાં. ક્રિકેટ એમાંય શેરી ક્રિકેટ આખી સોસાયટીના ઝઘડાનું કારણ હતી. સિઝન અનુસાર ભમરડા, મોઈદાંડિયો - પિચકારી - પતંગબાજી થતી રહેતી. શેરીરમતોમાં મારપીટ પણ થતી. ઉનાળાના વેકેશનમાં પરિવાર સાથે આબુ- અંબાજી કે મામાના ઘરે જવાનો લહાવો મળતો. દિવાળી તો અમારી શેરીમાં ઘરઆંગણે જ થતી. તહેવારની સાચી મજા તો ઘરે જ આવે. દસમા ધોરણમાં આવ્યા પછી આ મારો સુવર્ણકાળ સમાપ્ત થયો.

બાળપણમાં ખટમધુરાં સ્મરણો જીવનભર યાદ રહે છે. બાળગોઠિયાઓ જીવનભરના મિત્રો બની જાય છે. અભ્યાસમાં પણ આ મિત્રોની ખૂબ જ મદદ મળી છે. કયારેક મારપીટ તોફાન-મસ્તી ચાલ્યાં કરે પરંતું અંતે તો બધાંએ સાથે જ રહેવાનું અને રમવાનું હોય છે. વીતી ગયેલું આ બાળપણ પાછું આવતું નથી એનું ખૂબ જ દુ:ખ છે. એ મસ્તીખોર સ્વભાવ અને જીદ્દી સ્વભાવ ક્યાં ચાલ્યા ગયા ખબર નથી. બોર્ડની પરીક્ષાના ભયાવહ વાતાવરણમાં ઘરમાં પૂરાઈને વાંચ-વાંચ કરવું પડે છે.

બાળપણ વિશે કોઈએ ખરું જ ગાયું છે, કે

'वह कागज की कश्ती वह बारिश का पानी....'

ખરેખર કાગળની હોડી અને વરસાદમાં નહાવાની મજા ચાલી ગઈ છે.

**અથવા**

- **વૃક્ષ ઉગાડો, પર્યાવરણ બચાવો :**

**મુદ્દા :** પ્રસ્તાવના - વૃક્ષની ઉપયોગિતા - વસ્તીવધારા સાથે ઊભાં થયેલાં પ્રદૂષણનાં પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર

**જવાબ : 'આવી આવી વરસાદની ઋતુ,**
**સૌ સાથે મળી વૃક્ષો વાવીએ.'**

ભારતીય સંસ્કૃતિ જીવમાત્રમાં શિવદર્શન કરે છે. 'છોડમાં રણછોડ છે.' આ સૂત્ર પ્રમાણે વૃક્ષ સજીવ જ નહીં, ઘણાં સજીવોનું આશ્રયસ્થાન છે. એક વૃક્ષ પડે છે ત્યારે ઘણાં જીવો બેઘર બને છે. હિન્દુ ધર્મમાં તો વડ-પીપળાની પૂજા કરવામાં આવે છે. ફકત પ્રાણવાયુની ઉપલબ્ધતાની દૃષ્ટિએ જોઈએ તો વૃક્ષો જીવમાત્રનાં પ્રાણદાતા છે.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. પ્રકાશસંશ્લેષણ દ્વારા લીલાં પાંદડાં હવાને શુદ્ધ રાખે છે. વૃક્ષ રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષ જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષના શીતળ છાયામાં પશુ-પંખી, કીડી-મંકોડા જેવાં જીવજંતુઓ અને મનુષ્યો વિશ્રામ મેળવે છે. વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો જલાઉ અને ઈમારતી લાકડું પૂરું પાડે છે. વૃક્ષ ફળ-ફૂલ ઉપરાંત ઔષધિ પણ આપે છે.

ઈ.સ 2011 ની વસ્તીગણતરી પ્રમાણે ભારતની વસ્તીગીચતા દર ચોરસ કિલોમીટરે 328 હતી. વિશ્વની કુલ વસ્તીની 17.5% વસ્તી ભારતમાં છે. વસ્તીવૃદ્ધિનો દર 17.64% હતો. કેટલાંક વર્ષો પૂર્વે આપણા દેશમાં ગાઢ જંગલો હતાં. આજે દેશનો 24.39% ભૌગોલિક વિસ્તાર જંગલ આચ્છાદિત છે. આપણું લક્ષ્ય કુલ ભૌગોલિક વિસ્તાર 33% વિસ્તારને જંગલ આચ્છાદિત કરવાનું છે. વસ્તીવધારાના કારણે શહેરીકરણ વધતાં જંગલો કપાઈ રહ્યાં છે. વસ્તીવધારાના કારણે ખાસ કરીને વસ્તીની ગીચતાને કારણે પ્રદૂષણ વધ્યું છે. રોડ - રસ્તાઓ, ઔદ્યોગિક વસાહતો, માનવ વસાહતો બનાવવા ખેતીલાયક જમીન અને જંગલોને સાફ કરવામાં આવી રહ્યાં છે. આમ, વસ્તીવધારો જ પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

પ્રદૂષણના પ્રશ્નનો એકમાત્ર ઉકેલ વસ્તીવધારાને કાબૂમાં રાખવાનો છે. વસ્તીવધારો થતા જળ, વાયુ, જમીન અને સમગ્ર પર્યાવરણનું પ્રદૂષણ વધ્યું છે. વસ્તીમાં વૃદ્ધિ થતાં જળ, જમીન અને કુદરતી સંસાધનનો બેફામ ઉપયોગ થાય છે. ઔદ્યોગિક કારખાનાંઓની ચીમનીઓ રાત-દિવસ ઝેરી ગેસ છોડે છે. વાહનવ્યવહાર વધતાં હવાનું પ્રદૂષણ વધે છે. પીવાલાયક પાણીનો વેડફાટ વધે છે. આમ, પ્રદૂષણ ઘટાડવા અને સમગ્ર પર્યાવરણને જાળવી રાખવા વસ્તીવધારાને અટકાવવો એ જ એકમાત્ર ઉકેલ છે.

5 જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માત્ર વૃક્ષો વાવીને જ નહીં, પરંતુ વૃક્ષોની જાળવણી કરીને વૃક્ષોનો ઉછેર કરીને કરવી જોઈએ. પર્યાવરણ જાળવી રાખવા વૃક્ષો વાવવાં પૂરતાં નથી, જંગલો કપાતાં અટકાવવાં પણ એટલાં જ જરૂરી છે. દેશને 100% સાક્ષર બનાવી વસ્તીવધારાને અટકાવવો એ જ પર્યાવરણ દિવસની સાચી ઉજવણી છે.

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]**

| (અ) કૃતિ | (બ) પાત્ર |
|---|---|
| (1) રેસનો ઘોડો | (અ) દુકાનદાર |
| (2) છત્રી | (બ) મહમદ |
| (3) ચોપડાની ઇન્દ્રજાળ | (ક) રીટા |
| (4) જન્મોત્સવ | (ડ) બબલી |
| | (ઈ) ફોરમ |

**જવાબ :**

| (અ) કૃતિ | (બ) પાત્ર |
|---|---|
| (1) રેસનો ઘોડો | (ઈ) ફોરમ |
| (2) છત્રી | (અ) દુકાનદાર |
| (3) ચોપડાની ઇન્દ્રજાળ | (બ) મહમદ |
| (4) જન્મોત્સવ | (ક) રીટા |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) મામાએ ઘોડીને ખાવા **બાજરો** આપ્યો. **(ચણા, બાજરો)**

(2) કાળુના ઘરમાં દુકાળ સમયે **આઠ** ખાવાવાળાં હતાં. **(આઠ, દસ)**

(3) ડુંગર અને તેની વહુ **રાજપુર** સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં. **(રાજપુર, ડુંગરપુર)**

(4) ઝૂંપડામાં **માણકી** કણસી રહી હતી. **(રીટા, માણકી)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) વાલોળ-રીંગણાં મૂકવા લેખકે થેલી માગી તો જીવલાએ શું કહ્યું ?**

**જવાબ :** વાલોળ-રીંગણાં મૂકવા લેખકે થેલી માગી તો જીવલાએ કહ્યું કે ‘બોડીને તાં વળી કાંહકી કેવી ?’

**(2) કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પોતાની વાર્તા દ્વારા કયો ઉપદેશ આપ્યો છે ?**

**જવાબ :** કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પોતાની વાર્તા ‘રાજાના કુંવર’માં ઉપદેશ આપ્યો છે કે જગતને સુધારવાના મિથ્યા પ્રયત્નો છોડી, પોતાની જાતને સુધારો.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [04]**

**(1) ગુણવંત શાહ કઈ બાબતોને તંદુરસ્ત સમાજની મર્યાદાઓ ગણાવે છે ?**

**જવાબ :** લેખક ગુણવંત શાહ કહે છે કે કીડિયારાની જેમ ઓ.પી.ડી. પુષ્કળ દર્દીઓથી ઊભરાય એ સભ્ય સમાજની મર્યાદા છે. અનાથાશ્રમમાં બાળકોની ઘરડાઘરમાં વૃદ્ધોની સંખ્યા વધે એ પણ તંદુરસ્ત સમાજની મર્યાદા છે.

**(2) વિનુકાકા અંકિતને બાજુમાં બેસાડી શું સમજાવતા ?**

**જવાબ :** વિનુકાકા અંકિતને પ્રેમથી બાજુમાં બેસાડી, ધીરજથી કહેતા, ‘બેટા ! જીવનમાં નિશાન ઊંચુ રાખવું જોઈએ. ભણે છે તો બધાં જ, પણ આપણે કંઈક એવું ભણવું જોઈએ કે જેથી આપણું જીવન પણ બીજાઓથી જુદું અને વિશિષ્ટ હોય, એ માટે મોટી ડિગ્રીઓ, ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરવી જોઈએ. ચંદ્રકો મળવા જોઈએ. ટી.વી., અખબારોમાં ઈન્ટરવ્યૂ ને ફોટા આવવા જોઈએ.’

**(3) ઢેલ ઘોડીનું વર્ણન કરો.**

**જવાબ :** ઢેલ ઘોડી અસલ ઓલાદની જાતવાન વછેરી હતી. તે રૂપાળી હતી. તેના ચારેય પગ અને કપાળ ધોળેલાં હતાં. તેના કાનની ટીસિયું બેવડ વળી જતી હતી. વછેરી જ્યારે ચમકતી ચાલે ગામસોંસરવી નીકળતી ત્યારે ગામના

લોકો ફાટી આંખે વિસ્મયથી તેને જોઈ રહેતા.

**(ઇ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(1) 'છત્રી' નિબંધમાંથી હાસ્યરસ રજૂ કરતા ઉદાહરણો આપો.**

જવાબ : **કૃતિ :** છત્રી

**કર્તા :** રતિલાલ બોરીસાગર

**સાહિત્યપ્રકાર :** હાસ્ય નિબંધ

**સંદર્ભ :** 'ૐહાસ્યમ્'માંથી

(1) 'તમારી છત્રી ટકાઉ હશે જ, પણ તમારી છત્રી મારી પાસે ટકતી જ નથી. ખોવાય જ નહીં એવી છત્રી તમે રાખો છો ?' આવો વિચિત્ર પ્રશ્ન કરીને લેખત હસાવે છે.

(2) 'દુકાનથી લઈને ઘર સુધી પહોંચતા સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાનાં વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યાં છે ! આમ, વારંવાર છત્રી ખોવાઈ જવાની ઘટનાને પરાક્રમ ગણાવીને વાતને હસી કાઢે છે.

(3) છત્રી ખોવાય નહીં એ માટે લોકોએ આપેલી સલાહો પણ રમૂજનાં જ ઉદાહરણો છે.

(4) છત્રી પર નામ, વિગતવાર સરનામું, ટેલિફોન નં. લખવાની વાત તો રમૂજ પ્રેરે છે, સાથે-સાથે છત્રી પર પોતાનો આખો બાયોડેટા લખાવવાનો વિચાર પર તેમને સંયમ રાખવો પડ્યો, એમાં પણ લેખકનો વિનોદ છે.

(5) ખોવાયેલી છત્રી લેવા અમદાવાદથી રાજકોટ સુધી જવું, એ માટે ખર્ચ કરવો અને અંતે છત્રી બસમાં ભૂલી જવી ત્યારે લેખક માટે પેલી કહેવત યાદ આવે : 'તાંબિયાની ડોશી ને ઢબુનું મુંડામણ'

આમ, ઠેરઠેર નિર્દોષ હાસ્યરસ જન્મે છે.

**(2) જીવલો શાહુકારનો જનમોજનમનો ઋણી છે. એવું લેખકને કેમ લાગે છે ?**

જવાબ : **કૃતિ :** ચોપડાની ઈન્દ્રજાળ

**કર્તા :** ચંદ્રકાન્ત પંડ્યા

**સાહિત્યપ્રકાર :** આત્મકથા ખંડ

**સંદર્ભ :** 'બાનો ભીખુ'માંથી

જીવલાએ લેખકના પિતાજી પાસેથી ત્રણસો રૂપિયા ખેતર વેચાતુ લેવા માટે વ્યાજે લીધેલાં. પછી જીવલાની માઠી બેઠી. તેને હતું કે બે-ત્રણ વર્ષમાં શાહુકારના પૈસા ચૂકવી દેશે, પણ એક પછી એક વર્ષ ખરાબ આવ્યાં. લેખકે ચોપડામાં જોયું તો જીવલા પાસેથી વ્યાજનું વ્યાજ ચડીને રૂ.1500 લેણાં નીકળતા હતા. જીવલો વર્ષોવર્ષ ફસલ ભરી જાય. શાકભાજી, લાકડાં, ઘાસ, ગોળ વગેરે આપી જાય એ તે પણ બધું મફતમાં ! છતાંય ચોપડે રોકડા રૂપિયા સિવાય કશું જમા ન થાય. ઘરે લેખકનાં બાનું થોડુંઘણું કામ પણ કરી આપે. દાસકાકાએ નવા ખાતામાં જીવલાને અંગૂઠો પાડવા બોલાવ્યો ત્યારે પરિસ્થિતિ જાણી લેખકને લાગે છે કે જીવલો શાહુકારનો જનમો જનમનો ઋણી છે.

**(3) "હૃદયરોગનો હુમલો કંઈ મફતમાં નથી મળતો."- 'વાઈરલ ઈન્ફેક્શન' પાઠના આધારે આ વિધાન સમજાવો.**

જવાબ **કૃતિ :** વાઈરલ ઈન્ફેક્શન

**કર્તા :** ગુણવતં શાહ

**સાહિત્યપ્રકાર :** નિબંધ

**સંદર્ભ :** 'મરો ત્યાં સુધી જીવો'માંથી

"હૃદયરોગનો હુમલો કંઈ મફતમાં નથી મળતો." આ વિધાન માર્મિક છે. પરમાત્મા

સુંદર જીવન જીવવા માટે અતિ સુંદર-સ્વસ્થ હૃદય આપે છે. કોઈના પક્ષે એને ભેદભાવ નથી. વ્યક્તિ શરીર પ્રત્યે બેદરકાર રહીને, આહાર, વિહારની કુટેવોને લીધે, શરીર સાથે નિર્દયતાપૂર્વક વર્તીને હૃદયરોગનો ભોગ બને છે. લેખક કટાક્ષમાં કહે છે, શરીરને પોટલું સમજીને કલાકો સુધી ઑફિસની ખુરશીમાં બેસાડી રાખવું પડે છે. ગમે તે સમયે, ગમે તેવું અને ગમે તેટલું ખાવું પડે છે.'' સુખી લોકોના બેઠાડુપણાને લેખક સ્થૂળ સાધના કહે છે; જેને પરસેવો નથી વળ્યો એવું શરીર પોતાના માલિકને કરેલો ક્રૂર કટાક્ષ ગણાય એમ લેખક કહે છે. આપણા દેશમાં 'સ્થૂળ સાધકો'ની સંખ્યા ઓછી નથી!

## વિભાગ - B (પદ્ય)(કુલ ગુણ 20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખોઃ** **[04]**

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| **(1)** દીકરી | **(અ)** પદ |
| **(2)** હું એવો ગુજરાતી | **(બ)** ગઝલ |
| **(3)** માધવને દીઠો છે ક્યાંય ? | **(ક)** ઊર્મિગીત |
| **(4)** શિકારીને | **(ડ)** ઊર્મિકાવ્ય |
| | **(ઈ)** ગીત |

જવાબઃ

| (અ) કૃતિ | (બ) સાહિત્યકાર |
|---|---|
| **(1)** દીકરી | **(બ)** ગઝલ |
| **(2)** હું એવો ગુજરાતી | **(ઈ)** ગીત |
| **(3)** માધવને દીઠો છે ક્યાંય ? | **(ક)** ઊર્મિગીત |
| **(4)** શિકારીને | **(ડ)** ઊર્મિકાવ્ય |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :** **[04]**

(1) કવિ જયંત પાઠકને બે હાથ ઊંચા કરી બોલાવતી **માતાની** ભ્રમણા થાય છે.
**(પત્નીની, માતાની)**

(2) સારસી એ પ્રિયતમા કે પત્નીના પ્રતીકની સાથે-સાથે **જીવન** નું પણ પ્રતીક છે.
**(જીવન, મૃત્યુ)**

(3) **નણદોઈ** ને વાડીમાંનો મોરલો કહ્યા છે.
**(જેઠ, નણદોઈ)**

(4) **દેશદીપક** બનવું દુર્લભ છે.
**(દેશદીપક, કુલદીપક)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો :** **[02]**

**(1) કવિ રઈશ મણિયારની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું ?**

જવાબ : કવિ રઈશ મણિયારની દૃષ્ટિએ 'ભારવાળો મુગટ' એટલે સત્તા કે જવાબદારી.

**(2) મોહમાયા કોને સ્પર્શી શકતી નથી ?**

જવાબ : વૈષ્ણવજનને મોહમાયા સ્પર્શી શકતી નથી, કારણ કે દૃઢ વૈરાગ્ય તેના શરીરમાં વ્યાપેલો છે.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે)** **[04]**

**(1) 'ઉછરે છે રોજ કાયમથી ફડકમાં દીકરી' એમ કવિ અશોક ચાવડા શા માટે કહે છે ?**

જવાબ : **કૃતિ :** દીકરી

**કર્તા :** અશોક ચાવડા 'બેદિલ'

**સાહિત્ય સ્વરૂપ :** ગઝલ

**સંદર્ભ :** 'પગરવ તળાવમાં'માંથી

આપણી સંસ્કૃતિમાં દીકરી બાપને ત્યાં ઉછરે છે, ત્યારે એનાં ઉછેરમાં કેટલાંક સામાજિક બંધનો હોય છે. દીકરીને દીકરા જેટલી સ્વતંત્રતા આપવામાં આવતી નથી. તે

ભય અને બંધનોથી ડરતાં-ડરતાં જીવે છે. તે મુક્ત બનીને લાજ, મર્યાદા, શરમ છોડી શકતી નથી. તેને સતત સમાજનો ડર રાખીને જીવવું પડે છે. તેથી કવિ કહે છે કે દીકરી ફફડકમાં ઉછરે છે.

**(2) કવિ વિનોદ જોશી ગુજરાતીને 'મહાજાતિ' શા માટે કહે છે ?**

જવાબ : ગુજરાતની પ્રજા સહસિક પ્રજા છે, અનન્ય છે. દેશ-વિદેશમાં એની ખ્યાતિ છે. કહેવાય છે કે જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત ! આમ, સમગ્ર વિશ્વમાં વિસ્તરતી જાતિ ગુજરાતીની બોલબાલાને લીધે કવિ વિનોદ જોશી ગુજરાતીને 'મહાજાતિ' કહે છે.

**(3) રાતરાણી ઝાકળથી કઈ રીતે ન્હાય છે ?**

જવાબ : રાતરાણી સુંદર સુવાસવાળું ફૂલ છે, જે રાત્રે ખીલે છે. રાત્રીના ગાઢ અંધકારમાં વાતાવરણમાં ઠંડી વધે છે. કવિ કલ્પે છે કે જાણે ઝાકળના લાગણીભીનાં પગલાંથી, પાછલી રાતે રાતરાણી ન્હાય છે.

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(1) 'શિકારીને' કાવ્યનો ભાવાર્થ સમજાવો.**

જવાબ : **કૃતિ :** શિકારીને

**કર્તા :** સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'

**સાહિત્ય :** ઊર્મિકાવ્ય

**સંદર્ભ :** 'કલાપીનો કેકારવ'માંથી

'શિકારીને' કાવ્યમાં કવિ કલાપીએ 'સુંદરતા પામવા માટે પહેલાં આપણે સુંદર બનવું પડે.' એવી વાત કરી છે. આ સમગ્ર જગત સુંદરતાથી ભરેલું છે. કવિ યુવાનને ક્રૂર ન બનવા સલાહ આપે છે. બધામાં ઈશ્વર રહેલો છે. પક્ષીનો સંહાર કરવાથી તેનું મૃત શરીર જ મળે છે. પક્ષીનો સંહાર એ ઈશ્વરના સંહાર બરાબર છે. આ જગત એ તો સંતનો પવિત્ર આશ્રમ છે, માટે તું દરેક પ્રત્યે કરુણા રાખજે. પરમાત્માએ સર્જેલી સૃષ્ટિમાં પંખીઓ, ફૂલો, લતા, તરણાં, વૃક્ષો વગેરે જેવાં પ્રકૃતિના સુંદર તત્ત્વો આવેલાં છે. ઈશ્વરે સર્જેલી સૃષ્ટિમાં રહેલાં સૌંદર્યને માણવાથી આપણે ઈશ્વર સાથે જોડાઈએ છીએ.

સૌંદર્યનું જતન કરવાથી પરમાત્માનો આનંદ માણી શકાય છે. આપણે સૌ એકબીજાની સાથે હળમળીને રહીએ તો અનેરો આનંદ છે.

**(2) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.**

જવાબ : **કૃતિ :** વતનથી વિદાય થતાં

**કર્તા :** જયંત પાઠક

**સાહિત્યપ્રકાર :** સોનેટ

**સંદર્ભ :** 'અંતરિક્ષ'માંથી

વતનથી વિદાય થતાં કવિ વન, જન, ડુંગર, નદી, વતનની કોતરો, ખેતર વગેરેને આંખોથી વારંવાર ભરીને જોઈ લે છે. ઘરને બંધ કરી દે છે. ઢોરને પણ પોતાની કોઢારની મમતા હોય છે, તો કવિને પોતાના વતનની કેમ ન હોય ? વતન છોડી આગળ જવા પગ ઉપાડે છે, પણ પગ જાણે સાથ દેતા નથી. મહામહેનતે આગળ વધે છે ત્યાં રસ્તામાં વૃક્ષની કાંટાળી ડાળી આડી આવે છે. તેમ છતાં જવાનું તો છે જ. એટલે કવિ કહે છે કે ચાલો જીવ ! વહી ગયેલો સમય પાછો આવવાનો નથી. ઉપરવાસ જવાનું છે જ એટલે આંખમાં આંસુને લૂછી

નાખો. વીતી ગયેલાં દિવસોની યાદનો ભારો માથે લઈ ગુલામની જેમ આગળ વધો. જુઓ આ કૂતરો પણ વતનની સીમ સુધી જ સાથ આપશે. ત્યાં એમને આભાસ થાય છે કે દૂર જાણે રિસાળ બાળકને, બે હાથ ઊંચા કરીને તેમની બા તેમને બોલાવતી હતી.

**(3) ગ્રામજીવનમાં ખેતર-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.**

જવાબ : **કૃતિ :** એક બપોરે

**કર્તા :** રાવજી પટેલ

**સાહિત્યપ્રકાર :** ઊર્મિકાવ્ય

**સંદર્ભ :** 'અંગત'માંથી

ગ્રામજીવનમાં ખેતર-વાડી ખેડૂતનું સર્વસ્વ ગણાય છે. સવારે નાહી-ધોઈ નાસ્તો કરીને ખેડૂત પોતાના ખેતરે જવા નીકળી પડે. બપોર સુધી ખેતરમાં બળદને સાથે જોતરી કામ કરે. બપોર થતા જ પત્ની ભાથુ લઈને આવી હોય. બંને સાથે મળીને છાશ-રોટલો જમે. થોડીવાર મહુડીને છાયે આરામ કરે. બળદને પણ હળમાંથી છૂટા કર્યા હોય. બળદ આમ-તેમ ફરે, ઘાસ ચરે અને થોડીવાર એ પણ આરામ કરી લે. ખેતરની એક બાજુ પાણીનો પંપ ચાલતો હોય. શેરડી ઊગી હોય ને શેરડીનો કોલુ પણ ફરતો હોય. એક બાજુ ગોળ તૈયાર થતો હોય, બીજજી બાજુથી શેરડીનો રસ નીકળતો હોય. આવનારા મહેમાનોને સોના જેવો પીળો ગોળ ખાવા આપાતો હોય અને આદુ-લીંબુ નાખીને શેરડીના રસ પાય. આ રીતે મહેમાનોનું સ્વાગત કરે. નાનાં બાળકો વડવાઈ પર ઝૂલતાં હોય. આવું સુંદર દ્દશ્ય તો ગામડાના ખેતરોમાં જ જોવા મળે.

## વિભાગ - C (વ્યાકરણ)(કુલ ગુણ 20)

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
  **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :**

(1) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો :

- આવીર્ભાવ (**આર્વિભાવ,આવિર્ભાવ, આર્વીભાવ**)

જવાબ : **આવિર્ભાવ** **[01]**

- **બેવકૂફ (બેવકુફ, બેવકૂફ, બેવકુક)**

જવાબ : **બેવકૂફ**

(2) **'યુવાવસ્થા'** શબ્દની સાચી સંધિ છોડો : **[01]**
**(યુવ+ અવસ્થા, યુવ + વસ્થા, યુવા+ અવસ્થા)**

જવાબ : **યુવા+ અવસ્થા**

(3) **'ધર્મકાર્ય'** શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**
**(તત્પુરુષ, મધ્યપદલોપી, બહુવ્રીહિ)**

જવાબ : **તત્પુરુષ**

(4) **યોગ્ય જોડકાં જોડો :** **[01]**

| **(અ)** | **(બ)** |
|---|---|
| **(1)** કર્તરિ વાક્ય રચના | **(અ)** મંજુકાકીથી મારા પર હલ્લો કરાયો. |
| **(2)** કર્મણિ વાક્ય રચના | **(બ)** અંકિતે નંદા નામની યુવતી સાથે લગ્ન કર્યા. |
| | **(ક)** તેનાથી અત્યાર સુધી જીવાયું છે. |

જવાબ : **(1) કર્તરિ વાક્ય રચના (બ)** અંકિતે નંદા નામની યુવતી સાથે લગ્ન કર્યા.
**(2) કર્મણિ વાક્ય રચના (અ)** મંજુકાકીથી મારા પર હલ્લો કરાયો.

(5) **'હલકો અંધકાર ઊતરે છે.'** વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો : **[01]**
**(સજીવારોપણ, અનન્વય, શ્લેષ)**

જવાબ : **સજીવારોપણ**

(6) **'નિરંકુશ'** શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**
**(નિ, નિર્,કુશ)**

**જવાબ : નિર્ - પૂર્વપ્રત્યય**

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો : **[01]**

- **હિમ (હેમ, તેને, બરફ)**

**જવાબ : હિમ- બરફ**

- **ખેતર (ખેડાણ, ખેડુ, ખેત)**

**જવાબ : ખેતર - ખેત**

(8) **'ભાવનગર'** સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો : **[01]**
**(વ્યક્તિવાચક, જાતિવાચક, સમૂહવાચક)**

**જવાબ : ભાવનગર - વ્યક્તિવાચક સંજ્ઞા**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
**સળી કરવી -**

**જવાબ : અટકચાળું કરવું**

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો : **[01]**
**મોરના ઇંડા ચીતરવાં ન પડે.**

**જવાબ : સાચી વસ્તુને જાહેરાતની જરૂર નથી.**

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
**ટેકરીઓ કે પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો સાંકડો માર્ગ**

**જવાબ : ખીણ**

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
ઉપકાર ×

**જવાબ : ઉપકાર × અપકાર**

(13) નીચેના શબ્દોનો જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

- **અસ્ર :**

**જવાબ : ફેંકવાનું હથિયાર**

- **શસ્ત્ર :**

**જવાબ : હાથથી લડવાનું હથિયાર**

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**
**પોયરાં**

**જવાબ : છોકરાં**

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે**

**જવાબ : સકળ - માત્રસૂચક સંખ્યાવાચક વિશેષણ**

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**કાલે મારે ત્યાં જમવાનું રાખો ને !**

**જવાબ : કાલ - સમયવાચક ક્રિયાવિશેષણ**

(17) **'જિંદગી'** શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો. **[01]**

**જવાબ : જ્ + ઈ + ન્ + દ્ + અ + ગ્ + ઈ**

(18) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો : **[01]**
**હું મક્કમ રહ્યો.**

**જવાબ : મારાથી મક્કમ રહેવાયું.**

(19) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો : **[01]**
**વળાવી બા આવી, નિજ સકલ સંતાન ક્રમશઃ**

**જવાબ : શિખરિણી**

(20) **'મ ભ ન ત ત ગા ગા'** કયા છંદનું બંધારણ છે ? **[01]**

**જવાબ : મંદાક્રાન્તા**

## વિભાગ - D (લેખન) (કુલ ગુણ 20)

**(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]**

**મારા થકી જ મોલ, એવું,**
**વાવને 'હું' પદ આવિયું,**
**પણ બોલ્યા વિના જ વેણ,**
**ઓલ્યાં વાદળ વરસે વાવમાં.**

**જવાબ :** પ્રસ્તુત પંક્તિઓમાં કવિએ નમ્ર અને ઘમંડી માણસના ગુણદોષ બતાવ્યા છે. કવિએ

ઘમંડી માણસની મૂર્ખતાનો ખ્યાલ આપવા અહીં વાવ અને વરસાદનું સરસ ઉદાહરણ આપ્યું છે. ખેડૂત સિંચાઈ દ્વારા પાકનું જતન કરે છે. વાવને એ સમયે અભિમાન થાય છે કે ખેડૂતની જિંદગીનો આધાર પોતે છે. પણ એ મૂર્ખ છે, વાવની સમૃદ્ધિનો આધાર વાદળ છે. પરંતુ વાદળને આ વાતનું જરાય અભિમાન નથી.

સમાજમાં રહેલા દંભી માણસો પણ આવા જ હોય છે.તેઓ મિથ્યાભિમાનમાં રચ્યાં-પચ્યાં રહે છે. બીજી બાજુ સદાચારી માણસો સદ્કાર્યો કરી આત્મસંતોષ અનુભવતાં હોય છે.

આમ, કવિ નિઃસ્વાર્થભાવે પરોપકાર કરતા રહેવાની સલાહ આપે છે.

**અથવા**

**કામધેનુને મળે ના એક સૂકું તણખલું;**
**ને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે.**

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિ કવિશ્રી કરશનદાસ માણેકના જગવિખ્યાત કાવ્ય 'મને એ સમજાતું નથી કે'માંથી લેવામાં આવી છે. કવિએ સમાજમાં પ્રવર્તી રહેલી વિષમતાઓનો ચિતાર આપ્યો છે.

આ બાબતને સમજાવવા માટે કવિએ કામધેનુ અને આખલાનું ઉદાહરણ આપ્યું છે. ગાય આપણને અનેક રીતે ઉપયોગી છે, આથી તે કામધેનુ સમાન છે. આખલાનો ખેતીકામમાં ઉપયોગી નહીંવત્ છે. કામધેનુ સમાન ગાયને એક સૂકું તણખલું પણ નસીબમાં નથી હોતું. તે ખેતરમાં ચરવા જાય તો ખેડૂત તેને હાંકી કાઢે છે. જ્યારે આખલો બળજબરીથી લીલાંછમ ખેતરો ચરી જાય છે.

આપણા દેશમાં ભોજન મળવા બાબતે ગરીબો આવી જ વિષમતાને સહી રહ્યા છે. ગરીબ લોકોને એક ટંકનું ભોજન નથી મળતું, બીજી તરફ ભ્રષ્ટાચારીઓ દેશના અબજો રૂપિયા ચાઉં કરી વિદેશમાં લીલા-લહેર કરે છે.

આમ કવિ દેશની આર્થિક અસમાનતાનું દારુણ ચિત્રણ રજૂ કરે છે.

**(બ) આપેલા વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો : [04]**

- **તમારી શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ લખો.**

જવાબ : અમદાવાદ

તા.03/10/2020

મહાત્મા ગાંધીની 150મી જન્મજંયતીની ઉજવણીના ભાગરૂપે તેમજ સમગ્ર ગુજરાતની પ્રજાને રોગમુક્ત કરવા અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવા માટે 'નિર્મળ ગુજરાત' અભિયાનની શરૂઆત થઈ તે અંતર્ગત શાળા, કૉલેજ, સામાજિક સંસ્થાઓએ આ અભિયાનને સહર્ષ વધાવી લીધું. નાનાં-મોટાં સૌ કોઈ આ અભિયાનમાં જોડાઈ ગયાં. આ કાર્યક્રમ અંતર્ગત અમારી શાળા શ્રી વિવેકાનંદ વિદ્યાલય પણ આ અભિયાનમાં જોડાઈ. અમારી શાળાના આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ તેમજ વિદ્યાર્થી ભાઈ-બહેનો પણ આ અભિયાનમાં જોડાયાં અને સ્વચ્છતાના શપથ લીધાં.

અમારી શાળામાં 20-20 વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડવામાં આવી. દરેક ટુકડીને સફાઈની જવાબદારી સોંપવામાં આવી. બધા જ વિદ્યાર્થીઓ શાળામાં પાવડા, કોદાળી, સાવરણા, તગારાં વગેરે સાધનો લઈને મેદાનમાં આવ્યાં હતાં. શાળાના પ્રાંગણની

સફાઈનો આરંભ અમારી શાળાના આચાર્યશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો. આમ સ્વચ્છતા અભિયાનની શરૂઆત થઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા શાળાસફાઈ, મેદાનસફાઈ, ગ્રામસફાઈ અને બગીચામાં સફાઈ કરવામાં આવી હતી. આચાર્યશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકશ્રીઓની સુંદર કામગીરીને બિરદાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. જીવનમાં સ્વચ્છતા અને સહકારનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આમ, સવારે શરૂ થયેલો સ્વચ્છતાનો કાર્યક્રમ સાંજે પૂર્ણ થયો.

**(ક) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : [04]**

સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એક સાથે મુસાફરી કરતા માણસો છે. ગીત ગાનારા અને વાજિંત્ર વગાડનારામાં જો સુમેળ ન હોય તો એ તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી. એમ પતિ-પત્નીમાં સુમેળ ન હોય, તો જીવન સંવાદી હોતું નથી. બન્ને પરસ્પર વર્તન અને વ્યવહારની બાબતમાં તદ્દન ચોખ્ખાપણું ઇચ્છે છે; પરંતુ જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કંઈ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. અલબત્ત, પતિ અને પત્ની પોતપોતાની ઈચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારા ન બને, પણ પોતાના પગ ઉપર જ ઊભાં રહેનારાં અને સામાના આચાર-વિચારને યોગ્ય આદરથી સ્વીકારનારાં બને. આમ નથી થતું તેથી જ પતિ અને પત્નીનાં જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા ઝઘડાં અને સંઘર્ષો થાય છે.

**જવાબ :શીર્ષક : સંવાદી જીવન**

સ્ત્રી અને પુરુષ જીવનમાં એકસાથે મુસાફરી કરનારા માણસો છે. આથી જો પતિ અને પત્ની વચ્ચે સુમેળ ન હોય તો જીવન સંવાદી નથી બનતું. જીવનમાં ઝઘડા અને સંઘર્ષોને નિવારવા બન્નેએ એકબીજાના આચાર-વિચારને આદરપૂર્વક સ્વીકારવા જોઈએ.

**(ડ) ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]**

- **રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા :**

**મુદ્દા :** પ્રસ્તાવના- ભારતમાં એકતાનું રૂપ - પ્રાંતવાદનું ઝેર - એકતાનું મહત્ત્વ - વિદેશી આક્રમણો અને રાષ્ટ્રીય એકતા - એકતા માટે જરૂરી પ્રયાસો - દેશવાસીઓની સમજદારી - ઉપસંહાર

**જવાબ:** ''जहाँ डाल - डाल पर सोने की चिडियाँ करती है बसेरा,

वह भारत देश है मेरा, वह भारत देश है मेरा ।''

આર્યાવર્ત કે ભારતવર્ષ કહેવાતો આપણો દેશ ઉત્તરમાં ગાંધાર સુધી, પૂર્વમાં જાવા, સુમાત્રા સુધી વિસ્તરેલો વિશાળ ભરતખંડ હતો. કાલાન્તરે ટુકડાઓ થતા-થતા આજે વિશ્વનો સાતમા સ્થાનનો દેશ રહ્યો છે.

પ્રાચીનકાળથી જ ભારત એક વિશાળ અનેક અખંડિત દેશ હતો. જેમાં નાનાં - મોટાં અનેક રાજયો કે રજવાડાંઓ હતાં. દરેક રાજય કે રાજા પોતાને શકિતશાળી અને સ્વતંત્ર માનતાં હતાં. આમ છતાં, ભારતમાં

વિવિધતામાં એકતા જોવા મળે છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો ધર્મનિરપેક્ષ, લોકતાંત્રિક દેશ છે. વિવિધ ધર્મો પાળતી, વિવિધ ભાષાઓ, રીતરિવાજો, શિક્ષિત - અશિક્ષિત, શહેરી-ગ્રામીણ, અમીર-ગરીબ, વિકસિત - અવિકસિત, વિવિધ પોશાક, ખાનપાન ધરાવતી પ્રજામાં ઐક્ય જોવા મળે છે.

ભાષાના ધોરણે રાજયોની રચનાએ ભાષાવાદ અને પ્રાંતવાદનું ઝેર રેડાયું છે. ઉત્તર ભારતીયોને દક્ષિણ ભારતીય લોકો સ્વીકારી શકતા નથી તો નોર્થ ઈસ્ટના લોકો દિલ્હીમાં નફરતનો ભોગ બની રહ્યાં છે. દક્ષિણ ભારતીયો હિન્દીના વિરોધમાં હિન્દીભાષીઓનો પણ વિરોધ કરે છે. પ્રાંતવાદનું આ ઝેર રાષ્ટ્રીય એકતા માટે ખતરનાક છે.

જેમ લાકડીની ભારીને એક સાથે તોડી શકાતી નથી. પરંતુ તેને છૂટી પાડીને એક-એક લાકડીને આસાનીથી તોડી શકાય છે તેમ આપણી એકતામાં જ આપણી શક્તિ છે. આપણા પ્રાણતરસ્યા પાડોશીઓ આપણી એકતા તોડવા ભૂતકાળમાં આસામ, પંજાબ, જમ્મુ-કશ્મીર વગેરે રાજ્યોમાં પ્રયાસ કરી ચૂક્યાં છે. કુદરતી કે માનવસર્જિત આફતોમાં રાજયો પરસ્પરને ટેકો આપે તો આફતોને અવરોધી શકાય.

ભારતખંડ પર પ્રાચીન કાળથી આક્રમણો થતાં રહ્યાં છે. શકો, હૂણો, યવનો, પઠાણો, મુઘલો, અંગ્રેજોએ સમય-સમય પર આર્યાવર્ત પર આક્રમણો કરી ભારતને લૂંટ્યું જ નથી, પરંતુ ભારત પર પોતાની સત્તા પણ સ્થાપી હતી. વિદેશી આક્રમણો સામે દેશી રજવાડાંઓ એક ન થઈ શક્યાં, એ ભારતની સૌથી મોટી કમજોરી હતી. ભારતની ઉત્તર સરહદની રખેવાળીની જવાબદારી ઉત્તરનાં રાજયોની જ નહીં, સમગ્ર દેશની હતી. આજે પણ ભારતની ઉત્તર સરહદ સુરક્ષિત નથી. પાકિસ્તાન ભારતની અખંડિતતાને ખંડિત કરવા આતંકવાદ ઉછેર કેન્દ્રો ચલાવે છે.

રાષ્ટ્રીય એકતાના સંરક્ષણ માટે દેશના યુવાનોનું સાંસ્કૃતિક આદાન-પ્રદાન થવું જોઈએ. રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવા માટે યુનિવર્સિટીઓએ યુથ એક્સ્ચેઈન્જ પ્રોગ્રામ બનાવવો જોઈએ. હોટલો રેસ્ટોરન્ટોએ પંજાબી અને સાઉથ ઈન્ડિયન જ નહીં બંગાળી મીઠાઈઓને પણ મહત્ત્વ આપવું જોઈએ. રાષ્ટ્રભાષા તરીકે હિન્દીને અપનાવી વિદેશી ભાષાને જાકારો આપવો જોઈએ.

અંતે તો દેશવાસીઓની સમજદારી જ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને ટકાવી રાખશે. Nation first આ સિદ્ધાંત આપણે ઈઝરાયલ અને જાપાન પાસેથી શીખવા જેવો છે. સ્વદેશી અભિયાન અને આત્મનિર્ભરતા રાષ્ટ્રને ટકાવી રાખવા માટે ખૂબ જ જરૂરી છે.

પાકિસ્તાન, ચીન, બાંગ્લાદેશ જેવા કૃતઘ્ન પાડોશી ધરાવતા આપણા દેશમાં આજે સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત શિક્ષણ, રોજગારી અને આરોગ્યની સવલતો વધારવાની છે. થોડા પૈસા માટે સ્લીપર સેલ બની જતાં લોકોને આ દેશ પોતાનો છે એવું લાગવું જરૂરી છે. દેશદાઝ કેવળ રાષ્ટ્રધ્વજ ફરકાવવાથી કે વંદેમાતરમ્ ગાવાથી નથી જન્મતી. દેશના કાયદાકાનૂનનું પાલન કરવું એ પણ રાષ્ટ્રસેવા છે.

"ऊँची हुई मशाल हमारी, आगे कठीन डगर है;
शत्रु तो हट गए लेकिन उसकी छायाओं का
अभी डर है ।"

**અથવા**

- **વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો :**

**મુદ્દા :** પ્રસ્તાવના - વૃક્ષની ઉપયોગિતા, વસ્તીવધારા સાથે ઊભાં થયેલાં પ્રદૂષણનાં પ્રશ્નો - પ્રદૂષણના પ્રશ્નોનો ઉકેલ - ઉપસંહાર

**જવાબ :** "साँसें हो रही हैं कम,
आओं पेड़ लगाएँ हम ।"

5 જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીમાં આપણે ફક્ત વૃક્ષારોપણ જ કરીએ છીએ. ખરેખર તો વૃક્ષ વાવીને તેનો સંપૂર્ણ ઉછેર થાય તેની જવાબદારી ઉપાડવી જોઈએ. કાગળ પર બતાવાતાં જંગલો કરતાં રોજ કપાતાં વૃક્ષોની સંખ્યા ઘણી મોટી છે.

દરેક વૃક્ષ ખરેખર કલ્પવૃક્ષ જ છે. છાંયડો, ફળો અને લાકડું, તો વૃક્ષ આપે જ છે, પરંતુ પ્રત્યેક વૃક્ષ ઘણાબધા જીવોનું આશ્રયસ્થાન હોય છે. વૃક્ષ દવાઓ ઔષધિઓ જ નહીં, દરેક સજીવ માટે જરૂરી પ્રાણવાયુ પણ પૂરો પાડે છે વૃક્ષ બીજા અનેક જીવોને જીવાડે છે. પ્રત્યેક વૃક્ષ હવાનું શુદ્ધીકરણ કરતું કુદરતી એકમ છે. જમીનનું ધોવાણ અટકાવવામાં વૃક્ષનો ફાળો અનન્ય છે. લાખ, મધ જેવી ઔષધિઓ મેળવીને આદિવાસીઓ રોજગારી પણ જંગલોમાંથી મેળવે છે.

જે ઝડપે વસ્તી વધે છે તે જ ઝડપે જંગલો કપાઈ રહ્યાં છે. સિમેન્ટ કોંક્રિટનાં જંગલો ઊભાં કરવાં કે રસ્તાઓ, રેલ્વે લાઈનો, ઉદ્યોગો માટે જમીન મેળવવા, સિંચાઈ માટે મોટા બંધો બાંધવા વૃક્ષો જ નહીં સંપૂર્ણ જંગલો કપાય છે. વસ્તી વધતાં અનાજની જરૂરિયાત વધે છે. આથી જંગલો સાફ કરી ખેતી કરવામાં આવે છે. ખેતી માટે જ જંગલોના ભોગે મોટા બંધો બંધાઈ રહ્યા છે. આમ, વસ્તીવધારો જ પ્રદૂષણનું મુખ્ય કારણ છે.

વિશ્વ પર્યાવરણ દિને વાહનોને થોડો વિરામ આપી વૃક્ષબીજ વિતરણ પદયાત્રાઓ કાઢવી જોઈએ. આ પદયાત્રાઓમાં જોડાયેલા લોકોના હાથમાં કાર્ડબોર્ડ નહીં, પરંતુ રોપાઓ અને વૃક્ષબીજ હોવાં જોઈએ. વસ્તીવધારાને કાબૂમાં લેવામાં આવે તો પર્યાવરણની જ નહીં, દેશની અનેક સમસ્યાઓ નાબૂદ કરી શકાય. પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી ધરતીનો શ્વાસ રુંધાતો અટકાવી શકાય અને ધરતીમાતાની તરસ બૂઝાવી શકાય. સૌર ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરવાથી પણ વૃક્ષોને બચાવી શકાય. ગામે-ગામના સ્મશાનોને નિર્ધૂમ બનાવવાથી પણ મૃતઆત્માઓને શાંતિ મળશે.

વૈશ્વિક તાપમાન વધતું અટકાવવા અને હવામાં ઓક્સિજનનું પ્રમાણ જાળવી રાખવા વૃક્ષો અનિવાર્ય છે. વૃક્ષ માનવજાત માટે જ નહી સમગ્ર પર્યાવરણને બચાવવા માટે પણ જરૂરી છે. પર્યાવરણની સમતુલા ખોરવાશે તો વિકાસ વિનાશ વેરશે. માણસ પોતાના પગ પર જ કુહાડો મારી રહ્યો છે ત્યારે પર્યાવરણના પાઠો પાઠ્યપુસ્તકમાં જ નહીં, પરંતુ પ્રાયોગિક રીતે આપણે ભણવા પડશે. ઝાડમાં જીવ છે અને છોડમાં રણછોડ છે એ વાત યાદ રાખવાની આજે તાતી જરૂર છે.

અથવા

- **પ્રવાસનું જીવન-ઘડતરમાં સ્થાન :**

**મુદ્દા :** પ્રસ્તાવના - જીવનઘડતરમાં પ્રવાસનું સ્થાન - પ્રવાસનાં ફાયદા - પ્રવાસઃ પ્રત્યક્ષ જ્ઞાનનો ખજાનો - સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ - વિશાળ જનસંપર્ક - સાહસિક વૃત્તિનો વિકાસ - એકાગ્રતા, સહનશીલતાની કેળવણીની ખીવલણી - આધ્યાત્મિક મૂલ્ય - ઉપસંહાર

જવાબ : **''હું ક્યાં મારું કે તારું એકેય કામ કરવા આવ્યો છું; હું તો બસ ફરવા આવ્યો છું.''**

- નિરંજન ભગત

**'ફરે તે ચરે, બાંધ્યો ભૂખ્યો મરે'** એ કહેવત પ્રમાણે પ્રવાસ દ્વારા પરોક્ષ રીતે આપણે ઘણુંબધું પ્રાપ્ત કરીએ છીએ. પ્રાચીનકાળથી જ માણસની પ્રકૃતિ ભ્રમણ કરવાની રહી છે. વાહનવ્યવહારના આધુનિક સાધનો ન હતાં ત્યારે પણ ચીની મુસાફરો ભારતમાં આવી જ્ઞાન મેળવતા હતા. ભગવાન શ્રી રામે પણ 14 વર્ષના વનભ્રમણ દ્વારા અનેક મહાન ઋષિમુનિઓનો સત્સંગ પ્રાપ્ત કર્યો. પદયાત્રા દ્વારા સમગ્ર ભારતનું ભ્રમણ કરી સંત શ્રી વિનોબા ભાવેએ ભૂદાન યજ્ઞ કરેલો.

**'ઘટમાં ઘોડા થનગને'** એ કવિતા પ્રમાણે અણદીઠી ભોમ પર આંખ માંડવાથી ઘણો લાભ થાય છે. ભૂલા પડવાનો એક ફાયદો એ છે કે અનેક નવા રસ્તાઓથી પરિચિત થવાય છે. જુદા - જુદા લોકો તેમની સંસ્કૃતિ, રીત - રિવાજ, પહેરવેશ, બોલી - ભાષા વગેરેથી અવગત થવાય છે. **'બાર ગાઉએ બોલી બદલાય'** એ કહેવત પ્રમાણે એક જ ભાષાની અલગ - અલગ બોલીઓનો પરિચય પ્રાપ્ત થાય છે. ગુજરાતી પ્રજા વેપારી પ્રજા બની તેની પાછળ, આ ભ્રમણવૃત્તિ જ જવાબદાર છે આજે પણ સમગ્ર ભારતમાં પ્રવાસીઓ તરીકે ગુજરાતી જાણીતા છે.

ઈન્ટરનેટના આ યુગમાં વિશ્વ જયારે એક ગામડું બન્યું છે ત્યારે ઓડિયો વિઝ્યુઅલ સાધનો દ્વારા ઘરે બેઠા જ વિશ્વદર્શન થઈ શકે છે. **'જયાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે રવિ, અને જયાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે અનુભવી'** એ કહેવત પ્રમાણે અનુભવ દ્વારા પ્રાપ્ત, કરેલું જ્ઞાન જ શાશ્વત રહે છે. પ્રવાસ દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનનો લાભ મળે છે, જે પાઠયપુસ્તકો કે વીડિઓમાં નથી મળતો.

તાજમહેલનો ઈતિહાસ વાચવો અને તાજને પ્રત્યક્ષ જોવા એ બન્ને અલગ બાબત છે. ધરતી પરનું સ્વર્ગ કહેવાતું કશ્મીર ખરેખર સ્વર્ગ છે એવો પ્રત્યક્ષ અનુભવ કશ્મીર ગયા પછી જ થાય છે. કૂલુ - મનાલી - સિમલાના સ્નોફોલનો અનુભવ મોબાઈલમાં ન મળી શકે. પ્રકૃતિને પ્રત્યક્ષ પામવાથી આપણી સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ થાય છે.

પ્રવાસ દ્વારા સારાં-નરસાં અનુભવો જ નહી. સારાં-નરસાં માણસોનો પણ પરિચય થાય છે. બસ, ટ્રેન કે વિમાનમાં સહપ્રવાસીઓ સાથે વાતચીત દ્વારા સંબંધ સ્થપાય છે. આવાં સંપર્કો દ્વારા ઘણી ઉપયોગી માહિતી મળે છે જે આપણા વિકાસમાં ઉપયોગી છે.

પ્રવાસમાં આપણે આયોજન તો કરીએ છીએ છતાં પ્રવાસમાં બધું પૂર્વનિર્ધારિત નથી બનતું. પૂર્વ આયોજિત પ્રવાસમાં એ મજા નથી, જે અણદીઠેલી ભોમ પર આંખ માંડવામાં છે. **'મુશ્કેલી ન આવે તે માર્ગ ક્યાંય જતો નથી.'** એ પ્રમાણે સંઘર્ષ દ્વારા જ

સફળતા મળે છે. પ્રવાસ દ્વારા આપણી સાહસિકવૃત્તિનો વિકાસ થાય છે. 'જોખમ ન લેવું એ પણ એક જોખમ છે.' એ કહેવત પ્રમાણે સીધાં - સરળ રસ્તાઓ કરતાં દુર્ગમ માર્ગ પસંદ કરવાથી કંઈક અલગ પ્રપ્તિ થાય છે.

પ્રવાસ દ્વારા આપણી એકાગ્રતા, સહનશીલતાનો પણ વિકાસ થાય છે. જીવનમાં જરૂરી આ ગુણો પ્રવાસ દ્વારા સારી રીતે વિકસે છે. વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે જે જ્ઞાન ન મળે તે કુદરતના સાંન્નિધ્યમાં પ્રાપ્ત થાયે છે, હૃદયની વિશાળતા કે ઉદારતાનો ગુણ કુદરત પાસેથી જ પ્રાપ્ત થાય છે.

યાત્રા - પ્રવાસનું આધ્યાત્મિક મહત્ત્વ અનન્ય છે. ધાર્મિક સ્થાનો જ નહીં, પરંતુ કેટલાક અલૌકિક અને કુદરતી સૌંદર્યથી ભરપૂર સ્થાનો આપણો આધ્યાત્મિક વિકાસ સાધવામાં સહાયરૂપ થાય છે. શહેરી ભીડભાડ, કારખાનાંઓ કે વાહનોનાં કોલાહલથી દૂર આધ્યાત્મિક શાંતિ, પ્રાપ્ત કરવા માટે ભારતમાં એવાં અનેક સ્થાનો છે, જયાં વિશ્વભરમાંથી સહેલાણીઓ આવે છે.

''राही बढ़े चलो निज पथ पर,

यदि चलते– चलते गिर जाओं, पैरों में काँटे चुभ जाए,

फिर भी चलना काम तुम्हारा, राही बढ़े चलो निज पथ पर।''

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : [04]**

| (અ) પાત્ર | (બ) ઉક્તિ |
|---|---|
| (1) સિપાઈ | (અ) તમે તો છોકરાને જાણે જેલમાં પૂર્યા છે. |
| (2) મંજુકાકી | (બ) બાપડી ઢેલ, પાણીમાં બહુ મઉ થૈ ગઈ હશે. |
| (3) પટલાણી | (ક) શું ? મને તો કંઈ દેખાતું નથી. |
| (4) ડુંગર | (ડ) જાગો નન્દ કે લાલ, ભોર ભઈ |
| | (ઈ) એ ઠૂઠિયા ! ક્યાં જાય છે એમ ? |

જવાબ:

| (અ) પાત્ર | (બ) ઉક્તિ |
|---|---|
| (1) સિપાઈ | (ઈ) એ ઠૂઠિયા ! ક્યાં જાય છે એમ ? |
| (2) મંજુકાકી | (અ) તમે તો છોકરાને જાણે જેલમાં પૂર્યા છે. |
| (3) પટલાણી | (બ) બાપડી ઢેલ, પાણીમાં બહુ મઉ થૈ ગઈ હશે. |
| (4) ડુંગર | (ક) શું ? મને તો કંઈ દેખાતું નથી. |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદુ પડે તો **દાક્તરને** સજા કરતા

**(દર્દીને, દાક્તરને)**

(2) 'છત્રી' પાઠ લેખક રતિલાલ બોરીસાગરના **ૐ હાસ્યમ્** સંગ્રહમાંથી લેવમાં આવ્યો છે.

**(ૐ હાસ્યમ્, મરક મરક)**

(3) લેખક જીવલાને ત્યા ઉઘરાણીએ ગયા ત્યારે **રાંદેરી** બોર પાક્યાં હતાં.

**(ચણી, રાંદેરી)**

(4) વૃંદાવનદાસનો મોટો દીકરો **અસિત** અમેરિકા જઈને શિક્ષણ પ્રાપ્ત કરી આવ્યો હતો.

**(અસિત, અમિત)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [04]**

**(1) ડુંગરે પોતાની નજર ક્યાં સ્થિર કરી ?**

**જવાબ :** ડુંગરે પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ સ્થિર કરી.

**(2) દુકાળના વખતમાં લોકોને કોણે મદદ કરી ?**

**જવાબ :** દુકાળના વખતમાં લોકોને ડેગડિયાના મહાજને મદદ કરી.

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે) [02]**

**(1) પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવનદાન મળ્યું ?**

**જવાબ :** કાંઠા સુધી પહોંચેલી ઢેલ ઘોડીએ જાણ્યું કે તેની પીઠ પર આંબા પટેલ નથી, એટલે નસકોરાં ફૂલાવતી પૂરમાં ડૂબતા આંબા પટેલને શોધવા નીકળી. સડસડાટ કરતી આંબા પટેલ સુધી પહોંચી. ઘોડીને જોતા જ આંબા પટેલ તેના ગળે વળગી પડ્યા અને ચતુર ઘોડી આંબા પટેલને લઈ પાણીના વહેણને ફંગોળતી-ફંગોળતી મહામુસીબતે કાંઠે આવી. આ રીતે ઢેલ ઘોડીને કારણે પૂરમાં ડૂબતા આંબા પટેલને જીવનદાન મળ્યું.

**(2) ''બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું.'' વિનુકાકાના આ વાક્યનો ગૂઢાર્થ સમજાવો.**

જવાબ : ''બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું.'' વિનુકાકા આ વાક્ય ગૂઢાર્થમાં બોલ્યાં. સૌરભ ભણીગણીને અમેરિકામાં ડૉક્ટર થયો. ભૌતિક સમૃદ્ધિ તેણે મેળવી, પણ તેની પાસે માતાપિતા માટે સમય ફાળવવા જેટલી આંતરિક સમૃદ્ધિ નથી. સૌરભને ઉમદા માણસ બનાવવામાં અને સંસ્કાર આપવામાં મોડું થઈ ગયું. તેથી ઊંડા દુઃખ સાથે વિનુકાકાએ આમ કહ્યું.

**(3) ગુણવંત શાહના મતે ઘરમાં કોનો પ્રેમ મળવાથી માણસ વ્યસની બનતો અટકી જશે ?**

જવાબ : લેખક ગુણવંત શાહના મતે ઘરમાં પ્રત્યેક માણસને મા, બહેન, ભાભી, પિતા, મિત્ર કે પત્ની તરફથી ભરપૂર સ્નેહ મળી રહે તો તેને કોઈ વ્યસનની જરૂર નહીં પડે અને માણસ વ્યસની બનતો અટકી જશે.

**(ઇ) નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે બે) [06]**

**(1) છત્રી ન ખોવાય એ માટે લેખકને કેવી-કેવી સલાહો મળી હતી ?**

જવાબ : **કૃતિ :** છત્રી

**કર્તા :** રતિલાલ બોરીસાગર

**સાહિત્ય સ્વરૂપ :** હાસ્ય નિબંધ

**સંદર્ભ :** ૐ હાસ્યમ્

(1) લેખકે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખવી. એ દોરી સાથે છત્રીને બાંધી દેવી. છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખવી. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગને ઓછાડ વીંટી રાખવો.

(2) લેખકે છત્રી સાચવવા પોતાની સાથે ફરે એવો પગારદાર માણસ રાખવો, કેટલાંક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ તેઓ આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકે.

(3) તેમણે ચતુર્માસ દરમિયાન ઘરે જ રહેવુ, એકટાણાં કરવા ને પ્રભુભજન કર્યા કરવું. આથી છત્રી ખરીદવી જ ન પડે. એટલે છત્રી ખોવાવાનો પ્રશ્ન જ ન રહે !

(4) તેમણે છત્રી પર પોતાનું નામ, સરનામું લખાવવું. જેથી કોઈને જડે તો પોસ્ટકાર્ડ લખીને તેમને જાણ કરી શકે.

**(2) રાતો ચોપડો ફાડી નાખવા પાછળ લેખકનું મનોમંથન કેવું હતું ?**

જવાબ: **કૃતિ :** ચોપડાની ઈન્દ્રજાળ

**કર્તા :** ચંદ્રકાન્ત પંડ્યા

**સાહિત્ય સ્વરૂપ :** આત્મકથા - ખંડ

**સંદર્ભ :** 'બાનો ભીખુ'માંથી

જીવલાને ત્યાંથી પાછા ફરતા લેખકે તેની પાસે થેલી માગી ત્યારે જીવલાએ કહ્યું, 'બોડીને ત્યાં વળી કાહકી કેવી ?' આ શબ્દો સાંભળીને લેખકને રાત્રે મોડે સુધી ઊંઘ ન આવી. જીવલો રાત-દિવસ કાળી મજૂરી કરે તોય એના છોકરાં ભૂખે મરે છે. લેખકે મનોમંથન કર્યું. આ ગરીબ જીવલાનાં છોકરાંનાં મોંમાંથી પોતે કોળિયો ઝૂટવ્યો હોય એવું લાગ્યું. આટલું ઓછું હોય તેમ બે થેલી ભરીને શાકભાજી લઈ આવ્યાં. આ દશ્ય જોઈને લેખકનું હૃદય દ્રવી ઊઠે છે. મુદ્દલ કરતાં તો કેટલુંય વધારે તે આપી ચૂક્યો હતો, છતાં શાહુકારના રાતા ચોપડામાં દેવું પાંચગણું બોલતું હતું. જીવલો તો શું એની સાત પેઢી પણ

આ દેવું ચૂકવી ન શકે એવી ચોપડાંની ઈન્દ્રજાળ હતી. લેખકને ગાંધીવાદી જીવનના ખ્યાલો દંભી જેવાં લાગે છે. અંતે જીવલાની કરુણ દશાથી દ્રવિત થયેલા શાહુકારો જીવલાને લેણાંમાંથી હંમેશા માટે છૂટો કરે છે.

**(3) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં આલેખો.**

જવાબ : **કૃતિ :** જન્મોત્સવ

**કર્તા :** સુરેશ જોશી

**સાહિત્યપ્રકાર :** નવલિકા

**સંદર્ભ :** 'ગૃહપ્રવેશ'માંથી

કૃષ્ણજન્મ વખતે આનંદને ઉલ્લાસ છે, કિશનના જન્મ વખતે કરુણા ને મજબૂરી છે. કિશનને લઈને કાનજી અને દેવજી વરસાદના પાણી ડહોળતા અંધારી રાતે વેલજી ડોહાને ત્યાં જાય છે. વેલજી ડોહો કિશનના ઘૂંટણ મચકોડીને અપંગ બનાવે છે. કાનજી અપંગ કિશનનો ભીખ માગવાના સાધન તરીકે ઉપયોગ કરવા માગે છે. બાળકની ચીસ તેમજ કરુણ રુદન કોઈના હૃદયને સ્પર્શતા નથી. કિશનની માતા માણેકની લાચારી અને પીડા વધારે હૃદયદ્રાવક છે. કાનજી અંધ છે, દીકરો અપંગ છે, દારુણ ગરીબી છે. ભીખ માગવા નિર્દોષ બાળકને અપંગ કરે છે, એક બાજુ કૃષ્ણજન્મોત્સવ છે. પંચાજીરીનો પ્રસાદ વહેંચાય છે, અન્નકૂટ ભરાય છે. બીજી બાજુ કિશનનો જન્મ છે, બે કોળિયા ધાન માટે સગા દીકરાને સાધન બનાવે છે. જીવનની કેવી કરુણતા ! આમ, 'જન્મોત્સવ' વાર્તામાં સમયના એક જ બિંદુ પર, કૃષ્ણ અને કિશનના જન્મ સંદર્ભે બે પરિસ્થિતિઓનું લેખકે સમાંતર નિર્માણ કર્યું છે.

## વિભાગ - B (પદ્ય)(કુલ ગુણ 20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો: [04]**

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| (1) વૈષ્ણવજન | (અ) હરીન્દ્ર દવે |
| (2) દીકરી | (બ) વિનોદ જોશી |
| (3) હું એવો ગુજરાતી | (ક) નરસિંહ મહેતા |
| (4) શિકારીને | (ડ) સુરસિંહ ગોહિલ |
| | (ઈ) અશોક ચાવડા |

જવાબ:

| (અ) કૃતિ | (બ) કર્તા |
|---|---|
| (1) વૈષ્ણવજન | (ક) નરસિંહ મહેતા |
| (2) દીકરી | (ઈ) અશોક ચાવડા |
| (3) હું એવો ગુજરાતી | (બ) વિનોદ જોશી |
| (4) શિકારીને | (ડ) સુરસિંહ ગોહિલ |

**(બ) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : [04]**

(1) <u>**પદ**</u> એ લઘુકાવ્ય સ્વરૂપ નથી. **(હાઈકુ, પદ)**

(2) આકાશમાં <u>**આસો સુદ પૂનમનો**</u> ચંદ્ર પ્રકાશી રહ્યો છે.
**(આસો સુદ પૂનમનો, ફાગણ સુદ પૂનમનો)**

(3) સારસી <u>**ખેતરને શેઢેથી**</u> ઊડી ગઈ છે.
**(ખેતરની વાડેથી, ખેતરને શેઢેથી)**

(4) હૈયું ઉઝરડાતાં <u>**કરુણા**</u> ફૂટી નીકળે છે.
**(કરુણા, રક્તટશિયા)**

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : [02]**

**(1) સમગ્ર વિશ્વ કોનો આશ્રમ છે ?**

જવાબ : સમગ્ર વિશ્વ સંતોનો આશ્રમ છે.

**(2) ઝાકળથી કોણ ન્હાય છે ?**

જવાબ : રાતરાણી ઝાકળથી ન્હાય છે.

(ડ) **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે)** **[04]**

**(1) ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?**

**જવાબ :** ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં ચરોતરની મહીસાગર નદીના પાણી વહે છે. એટલે એમનામાં એ પાણીનું ખમીર છે. એમના પ્રાણોમાં રત્નાકર ધબકે છે, એટલે કે એમનું જીવન રત્નાકર જેવું સમૃદ્ધ છે.

**(2) 'પરસ્ત્રી જેને માત રે' પંક્તિ સમજાવો.**

**જવાબ : કૃતિ :** વૈષ્ણવજન

**કર્તા :** નરસિંહ મહેતા

**સાહિત્ય પ્રકાર :** પદ

**સંદર્ભ :** 'નરસિંહ મહેતાનાં શ્રેષ્ઠ પદ'માંથી

'વૈષ્ણવજન' પદ ગાંધીજીને અતિ પ્રિય હતું એ કારણે સમગ્ર વિશ્વમાં આ પદ આજે જાણીતું બન્યું છે.

વૈષ્ણવજનની આંખો નિર્મળ હોય છે. તે સૌની તરફ સમભાવ અને સમદૃષ્ટિ રાખે છે. તે પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ કરતો નથી. તે પરસ્ત્રીને માતા ગણે છે.

**(3) સૂર, શરણાઈ, સગાસંબંધીઓની ભીડમાં, 'ભીની પલક' શબ્દો શું સૂચવે છે ?**

**જવાબ :** સૂર, શરણાઈ, સગા-સંબંધીઓની ભીડમાં 'ભીની પલક' શબ્દો એક પિતાની વિરહવેદના સૂચવે છે. જ્યારે શરણાઈના સૂર સંભળાય છે ત્યારે સગા-સંબંધીઓની ભીડમાં પણ પિતા સંયમ રાખી શકતા નથી. દીકરીની યાદમાં તેમની આંખ ભીની થઈ જાય છે. અને એ 'ભીની પલકમાં' પિતાને દીકરી જ પ્રત્યક્ષરૂપે દેખાય છે.

(ઈ) **નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે)** **[06]**

**(1) દીકરીનો ઉછેર કેવી રીતે થવો જોઈએ તે તમારા શબ્દોમાં લખો.**

**જવાબ : કૃતિ :** દીકરી

**કર્તા :** અશોક ચાવડા 'બેદિલ'

**સાહિત્ય પ્રકાર :** ગઝલ

**સંદર્ભ :** 'પગરવ તળાવમાં'માંથી

દીકરી પારકી થાપણ નથી, દીકરી તો આંગણાનો તુલસીક્યારો છે. જેમ પવિત્ર તુલસીને આપણે જળસિંચન કરીએ છીએ તેમ દીકરીમાં સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ, જેથી સાસરિયામાં પોતાના સંસ્કારોથી સૌનું દિલ જીતી શકે. દીકરો- દીકરી એક સમાન માની તેના સર્વાંગી વિકાસ માટે તક આપવી જોઈએ. એક સમજદાર, ગુણિયલ, ખાનદાન, કુટુંબ-વત્સલ દીકરી પિયર અને સાસરી એમ બંને પરિવારને ઉજાળે એવો એનો ઉછેર કરવો જોઈએ. દીકરીને સુશિક્ષિત અને પગભર બનાવીને માબાપે પોતાની ફરજ પૂર્ણ કરવી જોઈએ.

**(2) પ્રથમ મુક્તકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે ? વિસ્તારથી સમજાવો.**

**જવાબ : કૃતિ :** લઘુ કાવ્યો : દુહા-મુક્તક-હાઈકુ

**કર્તા :** રઈશ મણિયાર

**સાહિત્ય સ્વરૂપ :** મુક્તક

**સંદર્ભ :**

પ્રથમ મુક્તકમાં કવિ રઈશ મણિયાર એ વાતની ચેતવણી આપે છે કે જગતમાં કદી હાર-જીત, સુખ-દુઃખ ન હોય એમ માનવું નહીં. માનવીનું જીવન એક ગતિશીલ ચક્ર જેવું છે. એની સાથે હાર અને જીત તથા સુખ અને દુઃખ

સંકળાયેલાં છે. જગતમાં કોઈ એવો મુગટ બન્યો જ નથી જેને માથા પર મૂકતાં એનો ભાર ન લાગે. એટલે કે જેના માથે મુગટ હોય તેના માથે અનેકગણી જવાબદારીઓ હોય છે. એ જવાબદારી એણે નિભાવવી જ પડે છે. મુગટ કાંઈ માત્ર શોભા માટે નથી. આનંદથી ભારને વહન કરવાનો ભાવ આ મુક્તકમાં છે.

**(3) સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ કાવ્યના આધારે વર્ણવો.**

**જવાબ : કૃતિ :** ચાંદલિયો

**સાહિત્ય પ્રકાર :** લોકગીત

**સંદર્ભ :** રઢિયાળી રાત

મધુર કંઠે શરદ પૂનમની રાતે 'ચાંદલિયો' લોકગીત ગાતી નાયિકાએ પ્રત્યેક શબ્દમાં સ્વજનો પ્રત્યેની લાગણીને વ્યક્ત કરી છે. સાસુ-સસરા પોતાના પૂર્વજન્મના માતા-પિતા છે. જેઠ અષાઢના વરસાદ જેવા તો જેઠાણી અષાઢની ઝબૂકતી વીજળી જેવાં છે. નણંદ વાડીની વેલ તો નણદોયા એની વાડીમાંનો મોર છે. કાવ્યનાયિકાએ એક-એક સ્વજનની ખૂબ સુંદર તુલના કરી છે. અંતમાં 'પોતાનો પતિ' એમ કહેવાને બદલે 'પરણ્યો મારો સગી નણંદનો વીર' જેવાં શબ્દો પ્રયોજ્યાં છે. મારો પતિ તો ખરો, પણ એના પહેલાં એ પોતાની બહેનનો વીર છે. આમ કહીને કાવ્યનાયિકાએ ભાઈ-બહેનના મધુર સંબંધની મીઠાશને વાચા આપી છે. અંતમાં, તેના હૈયામાં તાણીને બાંધેલી નવરંગી પાઘડીમાં શોભતા રૂપાળા પતિને પામ્યાનો આનંદ છે. આમ, શરદપૂનમની રાતે ચોકમાં ચાંદલિયો ઊગ્યો અને સુખદ વાતાવરણ સર્જાયું તેનું મધુર વર્ણન કાવ્યનાયિકાએ તેની સખી પાસે કર્યું છે. આ લોકગીતમાં કાવ્યનાયિકા પોતાના સાસરિયામાં સુખી છે તેનો અણસાર પણ આપે છે. કૌટુંબિક જીવનના મધુર સંબંધોનું આ ભાવચિત્ર અત્યંત સુંદર છે.

## વિભાગ - C (વ્યાકરણ)(કુલ ગુણ 20)

- **માગ્યા પ્રમાણે ઉત્તર લખો :**
  **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો :**

(1) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો : **[01]**

- **ખૂબસુરત (ખૂબસૂરત, ખુબસુરત, ખૂભસૂરત)**

**જવાબ : ખૂબસૂરત**

- **પ્રતિતી (પ્રતિતિ, પ્રતીતિ, પ્રતીતી)**

**જવાબ : પ્રતીતિ**

(2) **'નિર્વિવાદ'** શબ્દની સાચી સંધિ જોડો : **[01]**
**(નિસ્ + વિવાદ, નિર + વિવાદ, નિરં + વાદ)**

**જવાબ : નિસ્ + વિવાદ**

(3) **'નર્મદા'** શબ્દનો સમાસ ઓળખાવો : **[01]**
**(કર્મધારય, ઉપપદ, બહુવ્રીહિ)**

**જવાબ : ઉપપદ**

(4) **યોગ્ય જોડકાં જોડો : [01]**

| (અ) | (બ) |
|---|---|
| **(1)** કર્તરિ વાક્ય રચના | **(અ)** મારી પાસે ભાતુ કરાવતાં હતાં |
| **(2)** કર્મણિ વાક્ય રચના | **(બ)** મદારી બીન વગાડે છે. |
| | **(ક)** પત્નીથી કશું જ બોલાયું નહીં. |

**જવાબ : (1) કર્તરિ વાક્ય રચના** મદારી બીન વગાડે છે.

**જવાબ: (2) કર્મણિ વાક્ય રચના** પત્નીથી કશું જ બોલાયું નહીં.

(5) **'ભૂખથીયે ભૂંડી ભીખ છે.'** વાક્યમાંના અલંકારનો પ્રકાર જણાવો : **[01]**
**(સજીવારોપણ, વ્યતિરેક, શ્લેષ)**

જવાબ : **વ્યતિરેક**

(6) **'નિસ્તબ્ધતા'** શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? **[01]**
**(પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એકપણ પ્રત્યય નહીં)**

જવાબ : **પૂર્વ પ્રત્યય**

(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો શોધીને લખો :
**ખોભણ (ખોભી, ગુફા, ઊભવું)** **[01]**

જવાબ : **ગુફા**

(8) **'પોયરો'** સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો : **[01]**
**(વ્યક્તિવાચક, જાતિવાચક, સમૂહવાચક)**

જવાબ : **જાતિવાચક**

(9) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો : **[01]**
**તાળી લાગવી**

જવાબ : **લગની લાગવી**

(10) નીચે આપેલ કહેવતનો અર્થ લખો : **[01]**
**મીઠા ઝાડના મૂળ ન કઢાય**

જવાબ : **કોઈની ભલમનસાઈ કે ઉદારતાનો ગેરલાભ ન લેવાય.**

(11) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : **[01]**
**કાઠિયાવાડના ભાવનગર આસપાસનો પ્રદેશ-**

જવાબ : **સૌરાષ્ટ્ર**

(12) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો : **[01]**
**સુલભ ×**

જવાબ : **સુલભ × દુર્લભ**

(13) નીચેના શબ્દોનો જોડણીભેદે થતો અર્થભેદ જણાવો : **[01]**

- ઉદર

જવાબ : **પેટ**

- ઉંદર

જવાબ : **એક પ્રાણી**

(14) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો : **[01]**
**પોગવું -**

જવાબ : **પહોંચવું**

(15) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**બાપુ શાહુકારીનો ધંધો કરતા.**

જવાબ : **શાહુકારીનો - સંબંધવાચક વિશેષણ**

(16) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો : **[01]**
**એ તરત સાવધ થઈ ગઈ.**

જવાબ : **તરત - રીતિવાચક ક્રિયાવિશેષણ**

(17) **'પ્રફુલ્લિત'** શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો : **[01]**

જવાબ : **પ્ + ર્ + અ + ફ્ + ઉ + લ્ + લ્ + ઈ + ત્ + અ**

(18) નીચેના વાક્યની ભાવે વાક્ય રચના બનાવો : **[01]**
**મારા પિતાશ્રી વળી રોતા હશે ?**

જવાબ : **મારા પિતાશ્રીથી વળી રોવાતું હશે ?**

(19) નીચેની પંક્તિમાંનો છંદ ઓળખાવો : **[01]**
**પોલું છે તે વાગ્યું, તેમાં કરી તેં શી કારીગરી ?**

જવાબ : **દોહરો**

(20) **'દરેક ચરણમાં પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ, ચાર ચરણ, દરેક ચરણમાં આઠ અક્ષર' આ કયા છંદનું બંધારણ છે ?** **[01]**

જવાબ : **અનુષ્ટુપ**

**વિભાગ - D (લેખન) (કુલ ગુણ 20)**

**(અ) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો : [04]**

**સોબત કરતા શ્વાનની બે બાજુનું દુઃખ,**
**ખીજ્યું કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ.**

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિઓમાં કવિ શ્વાનના ઉદાહરણ દ્વારા હલકા માણસોનો સંગ ન કરવાની સલાહ આપે છે.

કૂતરાના સહવાસથી બે પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. તે ખીજાય તો પગે બચકું ભરી લે છે અને જો તે પ્રસન્ન થઈ જાય તો તે મોં ચાટવા લાગે છે. આ જ પ્રમાણે હલકા માણસોનો સંગ નુકસાનકારક જ નીવડે છે. તે રાજી હોય ત્યારે ખુશામત કરીને ગેરલાભ લે છે, પરંતુ કોઈ કારણોસર તે આપણાથી નારાજ હોય તો બદલાની ભાવનાથી આપણને નુકસાન કરે છે. તેઓ અન્યની ખાનગી વાતોને જાહેર કરી દેતા પણ અચકાતાં નથી. એટલે જ કહેવાયું છે કે 'મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.' नादान की दोस्ती में जान का खतरा !

"દુર્જનની કૃપા બૂરી; ભલો સજ્જનનો ત્રાસ
સૂરજ જો ગરમી કરે; તો વરસ્યાની આશ."

**અથવા**

**ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે,**
**નહીં કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.**

જવાબ : પ્રસ્તુત કાવ્યપંક્તિઓ દ્વારા કવિ કમળનું ઉદાહરણ આપતા કહે છે કે કમળ ભલે કાદવમાં ઊગતું હોય પણ એ દેવોને ચઢાવાય છે. એ જ પ્રમાણે કોઈપણ વ્યક્તિનું મૂલ્યાંકન તે કયા કુળમાં કે વંશમાં જન્મી છે તેના આધારે નહીં, પરંતુ તેનામાં રહેલાં ગુણોના આધારે કરવું જોઈએ.

કમળ કાદવમાં ઊગે છે. પરંતુ તેનામાં રહેલી સુવાસ અને તેનું સૌંદર્ય તેને ઉચ્ચસ્થાને લઈ જાય છે. તેને મંદિરમાં બિરાજેલા દેવના શિરે ચઢાવી ઊંચું સ્થાન આપવામાં આવે છે એ જ રીતે સ્થાન મનુષ્ય તેનામાં રહેલા સદ્‌ગુણો વડે જ સમાજમાં ઉચ્ચસ્થાને બિરાજી શકે છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર એનું જવલંત ઉદાહરણ છે. કયા કુળમાં જન્મ લેવો તે મનુષ્યના હાથની વાત નથી. પરંતુ સદ્‌ગુણો કેળવાય એ તેના હાથની વાત છે. વિદ્યાભ્યાસ અને સદ્‌ગુણો દ્વારા સમાજમાં મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકાય છે. આવા જ અર્થનો એક દુહો જાણીતો છે.

"जाति न पूछिए साधु की पूछ लिजिए ज्ञान,
मोल करो तलवार का, पड़ा रहने दो म्यान ।"

**(બ) આપેલા વિષય પર આશરે 100 શબ્દોમાં અહેવાલ લખો : [04]**

- તમારી શાળામાં યોજાયેલા શૈક્ષણિક પ્રદર્શનનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો.

જવાબ : ભાવનગર

તા.6/6/2020

અમારી શાળા શ્રી સ્વામીનારાયણ ગુરુકુળમાં ગઈકાલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એક શૈક્ષણિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેમાં વિભાગવાર જુદાં-જુદાં વિષયોની કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ વિભાગવાર ખંડની જવાબદારી સંભાળી હતી.

આ પ્રદર્શનમાં પ્રથમ વિભાગ 'પર્યાવરણ'માં

જુદી-જુદી ઔષધીય વનસ્પતિઓની ઓળખ, ઉપયોગ, બીજ, રોપાઓ ગોઠવવામાં આવેલ. વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા તે વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. 'વિજ્ઞાન' વિભાગ અંતર્ગત અગત્યના પ્રયોગો, મોડેલો, ચાર્ટ્સ દ્વારા માહિતી રજૂ કરાઈ હતી. 'ગણિત' વિભાગમાં ભૂમિતિને લગતી વિવિધ આકૃતિઓના સુંદર ચાર્ટ્સ શોભતા હતાં. 'ભૂગોળ' વિભાગમાં નકશા, નદી, પર્વતો, સમુદ્ર, ખીણ-ઘાટી વગેરેનાં ચિત્રો રજૂ કરાયા હતાં. 'ઈતિહાસ' વિભાગમાં આર્યોથી લઈને અંગ્રેજો સુધીની માહિતી રસપ્રદ રીતે રજૂ કરાઈ હતી. 'ભાષા અને સાહિત્ય' વિભાગમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના ઉત્તમ પુસ્તકોનું પ્રદર્શન હતું. સાથે-સાથે સાહિત્યકારોનો પરિચય માહિતીસભર હતાં.

આ પ્રદર્શનનો લાભ વાલીઓ, નાગરિકો તેમજ અન્ય શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ લીધેલ.

(ક) **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો : [04]**

"મનુષ્યમાત્રનો પોતાના પાડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પાડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પાડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુઃખી ન થાય. પાડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પાડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે. જે પાડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે, તે કેવળ પોતાના માટે જ જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ. જગતની સેવા પાડોશીની સેવા વડે જ થઈ શકે."

**- ગાંધીજી**

**જવાબ:**

**પાડોશી ધર્મ**

પાડોશીની સેવા કરવી એ મનુષ્યનો પહેલો ધર્મ છે. પાડોશીની સેવા એ આખા જગતની સેવા છે. જે કેવળ પોતાની સુખાકારીનો જ વિચાર કરે અને પાડોશી પ્રત્યે ઉપેક્ષા સેવે તે સ્વેચ્છાચારી કે સ્વચ્છંદી કહેવાય. તમે આ જગતને પોતાનું કુટુંબ માનતા હો તો તમારા સૌ કુટુંબીજનોની સેવા કરવાની શક્તિ તમારે કેળવવી જોઈએ.

(ડ) **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાના આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો : [08]**

- **વસંત-વનમાં અને જનમાં :**

**મુદ્દા :** પ્રસ્તાવના - ભારતનો ઋતુક્રમ- વસંતઋતુનું માદક વાતાવરણ - વસંત અને માનવજીવન - વસંત : એક અજોડ ઋતુ - ઉપસંહાર

**જવાબ : "આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના;**
**ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના."**

**- મનોજ ખંડેરિયા**

કુદરતે આપણને ઋતુઓની રમ્ય વિવિધતા બક્ષી છે. શિયાળો, ઉનાળો ને ચોમાસુ એ ત્રણ મુખ્ય ઋતુઓ અને હેમંત શિશિર,

વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ આ છ પેટા ઋતુઓ આપણા જીવનને વિવિધતાથી ભરી દે છે. પ્રત્યેક ઋતુને પોતાનું આગવું સૌંદર્ય હોય છે. તેમાં પણ વસંત તો ઋતુરાજ છે. બધી ઋતુઓમાં વસંતનો વૈભવ સૌથી નિરાળો છે.

શિશિર પછી વસંતનું આગમન થાય છે. વસંતના પ્રારંભથી જ ધરતીના પ્રત્યેક અંગમાં અનેરી સ્ફૂર્તિનો સંચાર થાય છે. પ્રકૃતિના માંડવે વસંતને વધાવવા જાણે ઉત્સવ જેવું વાતાવરણ જામે છે. વાસંતી વાયરાના સ્પર્શથી વૃક્ષો અને લતાઓમાં નવચેતન રેલાય છે. આમ્રઘટામાં મંજરી મહોરી ઊઠે છે. ખાખરાના વૃક્ષ પર કેસૂડાના કેસરિયા ફૂલો ખીલી ઊઠે છે. કમળના ફૂલોથી સરોવરો શોભી ઊઠે છે. આમ, વસંતઋતુમાં ભાતભાતના પુષ્પો ખીલે છે. તેમના મનમોહક રંગો અને સુગંધ વસંતના અનુપમ સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે ભમરા પોતાના મધુર ગુંજનથી અને કોયલ કર્ણપ્રિય ટહુકાઓથી વસંતને વધાવે છે. ખરેખર વસંતમાં પ્રકૃતિરાણી સોળે કળાએ ખીલી ઊઠે છે.

વસંત માનવ હૃદય પર અનેરું કામણ કરે છે એની માદક અસરથી માનવમન આનંદવિભોર થઈ જાય છે. આ ઋતુમાં માનવી વિવિધ ઉત્સવો ઉજવીને પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આપણા દેશમાં આ ઋતુમાં વસંતપંચમી, હોળી અને ધુળેટીના ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. આ તહેવારોમાં ચોમેર ઉછળતા યૌવનમાં, અબીલ-ગુલાલ જીવનનો ઉલ્લાસ છલકાવે છે. ઢોલ, ત્રાસા અને મૃદંગના તાલ સાથે ગવાતા વાસંતી ગીતોની મીઠી ધૂન વાતાવરણને આનંદસભર બનાવે છે. વસંતનો માદક વૈભવ કવિઓની કલમ અને ચિત્રકારોની પીંછીને સર્જનની નવી પ્રેરણા પૂરી પાડે છે.

વસંતઋતુ સાથે અન્ય કોઈ ઋતુની તુલના ન થઈ શકે. શરદનું પોતીકું સૌંદર્ય છે, પરંતુ વસંતના વૈભવ આગળ એ શીતળ સૌંદર્ય ફિક્કુ લાગે. વર્ષારાણીના વૈભવ કરતાં પણ વસંતનું ઉન્માદક સૌંદર્ય વધારે આકર્ષક લાગે છે. વસંતઋતુ અનુપમ, અનન્ય અને અતુલનીય ઋતુ છે, જે પ્રકૃતિને નવી તાજગી બક્ષે છે.

**"મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ**
**દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના."**
**- મનોજ ખંડેરિયા**

**અથવા**

- **જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ :**

**મુદ્દા :** પ્રસ્તાવના - રમતગમત સહજ તેમજ સ્વાભાવિક - રમતગમતથી સ્વાસ્થ્યની જાળવણી - રમતગમતની મન પર અસર - રમતગમત વડે સ્થપાતાં આંતરરાષ્ટ્રીય સૌહાર્દ અને વિશ્વશાંતિ - ઉપસંહાર

**જવાબ :** આપણા જીવનઘડતરમાં અનેક પરિબળો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે, તેમાં રમત-ગમત પણ એક અગત્યનું પરિબળ છે.

માનવજીવનના પ્રારંભથી જ રમતો રમાય છે. બાળક ચાલતા શીખે એટલે રમવાનું શરૂ કરે છે. પકડદાવ, સંતાકૂકડી, સાતતાળી, ઊઠલી-બેઠલી, લંગડી, કબડ્ડી જેવી રમતો રમતાં-રમતાં તે હૉકી, ક્રિકેટ, વૉલીબોલ, બાસ્કેટ બૉલ, ફૂટબૉલ, ટેનિસ જેવી રમતો તરફ આકર્ષાય છે. ગામડાના કિશોરો મહ્દઅંશે ગિલ્લીદંડા અને હુતુતુ-કબડ્ડી જેવી રમતો રમે છે; જ્યારે શહેરોમાં ક્રિકેટ, ફૂટબોલ, બાસ્કેટ

બૉલ, ટેનિસ, બેડમિન્ટન જેવી રમતોનું ચલણ વધુ હોય છે. રમતગમત પ્રત્યે મનુષ્યને પ્રાચીનકાળથી જ આકર્ષણ રહ્યું છે. શ્રીકૃષ્ણ પણ ગેડી-દડાની રમત રમતાં હતાં. સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથે માનવની ખેલવૃત્તિએ નવી-નવી રમત-ગમતો શોધી કાઢી છે.

રમત-ગમતથી તંદુરસ્તી મળે છે. રમત-ગમતના પ્રતાપે અંગે-અંગમાં તાજગી અને ચૈતન્ય ઊભરાય છે. સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન નિવાસ કરે છે. સ્વસ્થ મન સદાય આશાભર્યું રહે છે. સાચો રમતવીર જીવનને પણ ખેલદિલીપૂર્વક જીવે છે.

રમત-ગમત દ્વારા સ્વાસ્થ્યની સાથે-સાથે યશ અને ધનપ્રાપ્તિ પણ થઈ શકે છે. કેટલાંય ક્રિકેટરો ક્રિકેટ દ્વારા કરોડો રૂપિયા કમાયા છે. ફૂટબૉલ કે ટેનિસના ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કીર્તિ અને કલદાર પામ્યાં છે.

આજે રમત-ગમતને કારકિર્દી તરીકે સ્વીકારી આગળ વધી શકાય છે. રમત-ગમત પ્રત્યે અભિગમ બદલાયો છે ત્યારે ક્રિકેટ, ફૂટબોલ, હોકી, ટેનિસ જેવી રમતો દ્વારા વૈશ્વિક એકતા અને વિશ્વબંધુત્વની ભાવના ખીલવી શકાય છે. આમ, આંતરરાષ્ટ્રીય મેચોના માધ્યમથી વૈશ્વિક એકતા સ્થાપિત કરી શકાય છે.

ચારિત્ર્ય ઘડતરમાં પણ રમતગમતનું વિશિષ્ટ સ્થાન છે, શિસ્ત, સાહસ, સંયમ, સહિષ્ણુતા, સહકાર અને ખેલદિલી જેવાં ઉત્તમ ગુણો ખીલવવામાં રમતગમત અનન્ય ભાગ ભજવે છે. આજની યુવાપેઢીના નૈતિક ઘડતર માટે રમતગમત મહત્ત્વપૂર્ણ છે.

- **પ્રાર્થના-જીવનનું બળ :**

**મુદ્દા :** પ્રસ્તાવના - પ્રાર્થનાની શરીર અને મન પર અસર - પ્રાર્થનાના ફાયદા - પ્રાર્થનાનો સમય - માનવસંસ્કૃતિ અને પ્રાર્થના - ઉપસંહાર

જવાબ : **"અસત્યો માહેથી પ્રભુ ! પરમસત્યે તું લઈ જા**
**ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા."**

પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. શરીરને સ્વસ્થ રાખવા જેમ સાત્ત્વિક ખોરાકની જરૂર છે, તેમ હૃદય અને મનને સ્વસ્થ અને નિર્મળ રાખવા માટે પ્રાર્થના જરૂરી છે.

પ્રાર્થનાનો સામાન્ય અર્થ તો વિનંતી થાય છે. ઈશ્વરે આપણને મનુષ્યદેહ આપીને બહુ મોટો ઉપકાર કર્યો છે. વળી, ઈશ્વર હવા, પાણી અને પ્રકાશ પૂરાં પાડે છે તે બદલ સર્વશક્તિમાન ઈશ્વરના ઉપકારનો બદલો વાળવા માટે આપણે સમર્થ નથી, તેથી આપણે ઈશ્વરની સ્તુતિ કરીને તેમનો આભાર માનીએ છીએ.

દરેક ધર્મમાં પ્રાર્થનાનું ઘણું મહત્ત્વ છે. હિન્દુ મંદિરમાં, મુસ્લિમ મસ્જિદમાં, ખ્રિસ્તીઓ દેવળમાં, શીખો ગુરુદ્વારામાં જઈ ઈશ્વરને પ્રાર્થના કરે છે.

પ્રાર્થનામાં અદ્ભુત શક્તિ રહેલી છે. પ્રાર્થના હૃદયને શુદ્ધ બનાવે છે. પ્રાર્થના મનમાંથી મલિન વિચારોને દૂર કરે છે. પ્રાર્થના મનુષ્યને પ્રેમાળ, પરોપકારી, દયાળુ અને સ્વાર્થરહિત બનાવે છે. ખરા હૃદયથી કરેલી પ્રાર્થના ઈશ્વર અવશ્ય સાંભળે છે. પ્રાર્થનાથી દુઃખનો સામનો કરવાનું બળ પ્રાપ્ત થાય છે. પ્રાર્થના કરવાથી મનુષ્ય નમ્ર બને છે. પ્રાર્થના દ્વારા આપણે આપણા દોષો શોધી શકીએ છીએ.

પ્રાર્થનામાં ચમત્કારિક શક્તિ રહેલી છે. ઘણાં સંતો અને ભક્તોના જીવનમાં પ્રાર્થના થકી અદ્‌ભુત ચમત્કારો સર્જાયા છે. ભક્ત ભગવાનને પ્રાર્થના (વિનંતી)કરે ત્યારે ભગવાને દોડી આવવું પડે છે. દ્રૌપદીની પ્રાર્થના સાંભળી શ્રીકૃષ્ણએ તેને નવસો નવ્વાણું ચીર પૂર્યા હતા. સતી સાવિત્રીની પ્રાર્થનાથી સત્યવાનને જીવનદાન મળ્યું હતું. નરસિંહ મહેતાના પોકારે પ્રભુએ વારંવાર ભક્તની વહારે આવવું પડ્યું હતું. નરસિંહ મહેતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા હૂંડી સ્વીકારી હતી. કુંવરબાઈનું મામેરું પણ ભક્તની લાજ રાખવા ભગવાને જ કરેલું.

જીવનમાં પ્રાર્થના અતિ મહત્ત્વપૂર્ણ છે. આથી આપણે કોઈપણ શુભકાર્યની શરૂઆત વિઘ્નહર્તાની પ્રાર્થનાથી કરીએ છીએ. બાળકોમાં સુસંસ્કારના સિંચન માટે શાળાઓમાં નિયમિત પ્રાર્થના કરવામાં આવે છે. ગાંધીજી પણ સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરતા. સવારે ઊઠતી વખતે આખો દિવસ ઊર્જાસભર અને સારો વીતે તે માટે, તથા સાંજે કે રાત્રે સૂતી વખતે વીતેલા શુભ દિવસ માટે ઈશ્વરનો આભાર માનવા પ્રાર્થના કરવી જોઈએ.

કવિ ઉમાશંકર જોશીએ એક કાવ્યમાં ગાયું છે કે :

**''ત્રણ વાનાં મુજને મળ્યા, હૈયું મસ્તક, હાથ**
**બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું.''**

જો કે પ્રાર્થના મોટે ભાગે માંગણી કરવા માટે જ કરવામાં આવે છે. આપણાં આવા સ્વાર્થીપણાને પણ ભૂલી જઈ ઉદાર ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળે છે. ગાંધીજીએ કહ્યું છે કે, **''ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ ન આપ્યો હોય એવું કદી બન્યું નથી.''** જે મળ્યું છે તેનો આભાર માનવા દરરોજ નિયમિત પ્રાર્થના કરવી જોઈએ.

**''दुख में सुमिरन सब करे,**
**सुख में करे न कोई,**
**रहीमन सुख में सुमिरन करे,**
**दुख काहे को होय ।''**